Year - 30 ● Issue - 7 ● Pages - 20


- સૂર્યશક્તિ ઊર્જા અને નર્મદાના પાણીથી આર્થિક ક્રાંતિ થશે - નરેન્દ્રભાઈ મોદી ૪
- આપણું ભાજપ આપણા કાર્યક્રમો ૭
- અમે બહુ મક્કમતાપૂર્વક માનીએ છીએ કે વડાપ્રધાનની ઑફિસ પણ લોકપાલની તપાસની નીચે આવવી જોઈએ ૧૧
- આઝાદી પછી આવેલી ચાર પ્રકારની રાજ્ય સરકારોમાં ભાજપા શાસિત રાજ્યો જ સર્વાધિક વિકાસની સિદ્ધિઓમાં મોખરે છે - નરેન્દ્રભાઈ મોદી ૧૨
- સતત દસમા વર્ષે રથયાત્રા પ્રસ્થાન અને પહિન્દ વિધિ કરાવવાનો સૌભાગ્યવિક્રમ શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફાળે ૧૪
- કેન્દ્રએ છેલ્લા દોઢ વર્ષમાં ઈંધણમાં ૨૧ વખત ભાવવધારો કર્યો છે ૧૬
- કોંગ્રેસની અપરિપક્વતા, કુટુંબભક્તિ અને દેશવિરોધી તાકતોનો બાહ્ય ચહેરો રાહુલ ગાંધી ૧૭



**લેખન**

- ડૉ. જગદીશ ભાવસાર
- ડૉ. હર્ષદ પટેલ
- ડૉ. પરાગ શેઠ
- ડૉ. હેમંત ભટ્ટ

**સંકલન**

- નિમેષ જોશી

પત્રવ્યવહાર કાર્યાલય

પંડિત દીનદયાળ ઉપાધ્યાય સ્મૃતિ ટ્રસ્ટ,
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૫૫૦૪૫૨૫/૨૬
ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪

E-mail : manogat.1980@gmail.com



તંત્રી મુદ્રક પ્રકાશક :
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે પંડિત દીનદયાલ ઉપાધ્યાય સ્મૃતિ ટ્રસ્ટ વતી સાધના મુદ્રણાલય ટ્રસ્ટ, સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ ખાતે છપાવી પંડિત દીનદયાલ ઉપાધ્યાય સ્મૃતિ ટ્રસ્ટ, દીનદયાલ ભવન, જે.પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel
On behalf of Pandit Deendayal Upadhyay Smruti Trust. Printed at Sadhana Mudranalay Trust, City Mill Compound, Kankaria Road, Ahmedabad and Publish from Pandit Deendayal Upadhyay Smruti Trust, J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.


## તંત્રીસ્થાનેથી....

# શહેરી વિકાસમાં ટીપી સ્કીમનું ગુજરાતનું મૉડેલ દેશભરમાં નમૂનારૂપ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

તાજેતરમાં સુપ્રીમ કૉર્ટે એક ચુકાદા દ્વારા નોઈડા-દિલ્હીની જમીનો જે ખેડૂતો પાસેથી નજીવી કિંમતે સ્થાનિક ઓથોરિટીઓએ લઈ લીધી હતી તેની વિરુદ્ધમાં ગંભીર ટીકા કરી છે. એક બાજુ શહેરી જમીનોના વિક્રમજનક વધતા ભાવો અને બીજી બાજુ મૂળ માલિક એવા ખેડૂતોની થતી પાયમાલી તેવા વિરોધાભાસી સરકારી રવૈયા સામે મારે આપને 'ગુજરાત મૉડેલ'ની વાત કરવી છે.

ગુજરાતમાં શહેરી વિકાસ દિલ્હી-નોઈડા કે અન્ય ઘણાં રાજ્યોની સંપાદન પદ્ધતિના વિકલ્પે ટાઉન પ્લાનીંગ સ્કીમના માધ્યમથી કરવામાં આવે છે. ટીપી સ્કીમ એ એક એવું મેકેનીઝમ છે જેમાં ખેડૂતની કુલ જમીનમાંથી ૪૦% સુધીની જગ્યા તેને સત્તામંડળને કોન્ટ્રીબ્યૂશન સ્વરૂપે આપવાની રહે છે અને ૬૦% જગ્યા તેને પોતાને જ પરત મળે છે જે ૪૦% સુધીની જગ્યા સત્તામંડળને મળે છે તે પૈકી ૧૫ થી ૨૦% જગ્યા રસ્તાના નિર્માણમાં જાય છે. ૫% જગ્યા બગીચા-સરકારી જરૂરિયાત માટે જાય છે. ૫% જગ્યા આર્થિક ગરીબો માટે અને બાકી રહેલી ૧૦% જગ્યા સત્તામંડળ વિવિધ હેતુઓ જેવા કે કોમર્શિયલ, શૈક્ષણિક, સામાજિક વગેરે માટે વેચીને મળેલા ભંડોળમાંથી રસ્તા, લાઇટ, ગટર, પાણી વગેરે પ્રાથમિક સુવિધાઓ ઊભી કરે છે.

શહેરી વિકાસની ટીપી સ્કીમના માધ્યમથી થતી પ્રક્રિયાને કારણે ગુજરાતમાં વિકાસનો લાભ જમીનના મૂળ માલિક એવા ખેડૂતોને થાય છે, કારણ કે જરૂરી રસ્તાઓ અને યોગ્ય આકારના પ્લોટની ૬૦% વિસ્કીટ જગ્યા તેને પરત મળે છે જ્યારે દિલ્હી વગેરેમાં તો ખેડૂતોને નગણ્ય પૈસા માત્ર સત્તામંડળ તેને આપે છે અને સત્તામંડળ પોતે જ બિલ્ડર બની જાય છે અને આપણે જોઈએ છીએ તેમ કૌભાંડો કરી શહેરી વિકાસની સંસ્થાઓને ભ્રષ્ટાચારનો અખાડો બનાવે છે. જ્યારે ગુજરાતમાં ટીપી સ્કીમના અમલના કારણે ખેડૂતોના ૧૦ કિલો ઘઉંના બદલે અનેકગણી કિંમતના ૬ કિલો લાડવા સ્વરૂપે પરત મળે છે તેના કારણે ગુજરાતનો ખેડૂત તો ખુશ થાય જ છે, સાથે સાથે શહેરી વિકાસ પણ ખેડૂતોના અને સમાજના કોન્ટ્રીબ્યૂશનથી આયોજનબદ્ધ સ્વરૂપે આકાર પામે છે. વળી સરકાર પર વિકાસનો ખર્ચભાર પણ વિશેષ આવતો નથી અને શહેરનો વિકાસ પણ ઝડપી અને નમૂનારૂપ થાય છે.

માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે અનેક દિશામાં વિકાસનું મૉડેલ રજૂ કર્યું છે શહેરી વિકાસમાંથી ટીપી સ્કીમનું ગુજરાતનું મૉડેલ દેશભરમાં નમૂનારૂપ છે.

વંદે માતરમ્ ।

- સુરેન્દ્ર પટેલ

**નર્મદાનાં પાણીની ચોરી કરવી ઘોર પાપ છે - એનાથી મેઘરાજા રૂઠે**

# સૂર્યશક્તિ ઊર્જા અને નર્મદાના પાણીથી આર્થિક ક્રાંતિ થશે - નરેન્દ્રભાઈ મોદી



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાસ ડેરીના નવનિર્મિત ત્રીજા સંકુલનું ઉદ્‌ઘાટન કરતાં ઉત્તર ગુજરાતની સૂકી ધરતી ઉપર સૂર્યશક્તિ ઊર્જા અને નર્મદાના પાણીથી આર્થિક ક્રાંતિનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. સાથોસાથ, સરદાર પટેલના ગુજરાતની ધરતીના કિસાનોની આંખમાં અમી છલકાય એ સાંખી નહીં શકનારા, જૂઠાણાં ફેલાવીને ખેડૂતોને ગુમરાહ કરનારાં તત્ત્વો તથા કેન્દ્રની દિલ્હી સરકારની ગુજરાત વિરોધી માનસિકતાની આકરી આલોચના પણ કરી હતી.

તેમણે કેન્દ્ર સરકાર, સરદાર સરોવર ડેમ ઉપરના દરવાજા મૂકવાની પરવાનગી શા માટે નથી આપતી અને ગુજરાતના ખેડૂતો પ્રત્યે તસુભાર પણ પ્રેમ હોય તો ખરીફ વાવેતર માટે પૂરતું ખાતર ફાળવવાની કેમ દરકાર નથી કરતી એવા વેધક સવાલો ઉઠાવ્યા હતા.

ગુજરાતના સહકારી દૂધ ઉદ્યોગ ક્ષેત્રે પ્રતિષ્ઠિત બનાસ ડેરીના રૂા. ૧૧૦ કરોડના ખર્ચે નવનિર્મિત બનાસ-૩ પ્લાન્ટ સંકુલનું ઉદ્‌ઘાટન મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું. આ ઉપરાંત બનાસ ડેરીના ૧૦૦ ટન ક્ષમતા ધરાવતા મિલ્ક પાવડર પ્લાન્ટનો

**સરદાર પટેલના ગુજરાતમાં કિસાનોને રોળી નાખવા કેન્દ્ર સરકાર કારસા રચી રહી છે**

શિલાન્યાસ પણ તેમણે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે સને ૨૦૦૮માં બનાસ-૩ના નવા સંકુલનો શિલાન્યાસ પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે જ સંપન્ન થયો હતો.

સરદાર પટેલના ગુજરાતમાં કિસાનોને રોળી નાખવા કેન્દ્ર સરકાર કારસા રચી રહી છે તેની આક્રોશ સાથે ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે નર્મદાના પાણીથી ખેતીવાડી અને પશુપાલન, ડેરી ઉદ્યોગ, સૂકીભઠ્ઠ ઉત્તર ગુજરાતની ધરતીમાં સમૃદ્ધિ રેલાવી શકે છે. પાણીને ધરતીની શિરા અને ધમનીની જેમ ગામડાં અને ખેતરે પહોંચાડવા, નર્મદાની શાખા કેનાલોનું કામ ધમધોકાર આ સરકારે હાથ ધર્યું છે. રૂા. ૯૦૦૦ કરોડ આ વર્ષે ફાળવ્યા છે, પરંતુ સૂકીભઠ્ઠ ધરતીના કિસાનોની આંખમાં અમી છલકાય એ કેન્દ્રની સરકારને માન્ય નથી, તેથી સરદાર સરોવર ડેમની ઊંચાઈનું બાંધકામ પૂરું થઈ ગયા પછી ડેમ ઉપર ગેઈટ મૂકવા માટેના કામને બે-બે વર્ષથી મંજૂરી નથી આપતી. આ દરવાજા મૂકવામાં ત્રણ વર્ષ વીતવાનાં છે અને અમે વચન આપ્યું છે કે જો કોઈ ગામ દરવાજા બંધ કરવાથી ડૂબમાં જશે તો દરવાજા બંધ પણ નહીં કરીએ. આમ છતાં, કેન્દ્ર સરકાર દરવાજા મૂકવાની પરવાનગી આપવા ધરાર વિલંબ કરતી રહી છે એમ તેમણે જણાવ્યું હતું.

નર્મદાની શાખા કેનાલો માટે જમીન સંપાદનમાં સ્વેચ્છાએ સહયોગ આપનારા ખેડૂતોને ગુમરાહ કરીને જમીન સંપાદન માટે રોકનારા લોકહિતના દુશ્મનો છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ જે ખેડૂતોએ અગાઉ જમીન આપીને નર્મદા કેનાલના નેટવર્કને આગળ ધરાવવામાં સહકાર આપ્યો છે, તેમને નવી જંત્રીના ભાવફેરનું જંગી વળતર આપવા માટે રાજ્ય સરકારે રૂા. ૫૦૦ કરોડનો વધારાનો બોજ ઉપાડ્યો છે અને ખેડૂતોનાં હિતોની રખેવાળી કરી છે તેની વિગતો આપી હતી.

નર્મદાની શાખા કેનાલમાંથી નર્મદાનાં પાણીથી પાઈપલાઈનો દ્વારા દાંતીવાડા અને સીપુ જળાશયો ભરવા માટે રૂા. ૪૦૦ કરોડનો ખાસ પ્રોજેક્ટ હથ ધર્યો છે એમ તેમણે જણાવ્યું હતું.

રાજ્યમાં વરસાદ ખેંચાતાં ખેડૂતોની ચિન્તામાં સહભાગી બનેલી સરકાર, ખેડૂતો માટે બધી જ સમસ્યા ઉકેલવા સદાય તત્પર છે તેવો વિશ્વાસ દર્શાવતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતના ખેડૂતોને અત્યારે ડી.એ.પી. ખાતરની તાકીદની જરૂર છે, પરંતુ કેન્દ્ર સરકાર, ગુજરાતના ખેડૂતોને બરબાદ કરવા માંગે છે. ૪.૮૦ લાખ ટન ખાતરની મંજૂર થયેલી માંગ સામે, માંડ ત્રણ મહિનામાં એક લાખ ટન ખાતર મોકલ્યું છે. રાજ્ય

સરકાર એડ્‌વાન્સમાં ખાતરનાં નાણાં ચૂકવવા તૈયાર છે, પણ કેન્દ્ર સરકાર ખેડૂતોને ગુમરાહ કરવાની કોઈ તક જતી કરતી નથી. ગુજરાતના ખેડૂતો પ્રત્યે સાચો પ્રેમ હોય તો ખેડૂતોની ખરીફ ઋતુ માટેની ખાતરની માંગની પૂર્તિ કેમ કરતા નથી એવો સવાલ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉઠાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ નર્મદાનું પાણી ગેરદાયદે ચોરી કરવા માટે મુઠ્ઠીભર અને માથાભારે તત્ત્વો અને તેને આશ્રય આપનારા લોકોની આકરી આલોચના કરતાં જણાવ્યું કે માતા નર્મદાના પાણીની ચોરી કરવી, એ અંબાજી માતાના પ્રસાદની ચોરી કરવા જેવું ઘોર પાપ છે એનાથી મેઘરાજા રૂઠે છે. આપણે તો એવી પ્રાર્થના કરીએ છીએ કે આ વર્ષે પણ ગુજરાતમાં જોઈએ એવો, જ્યાં અને જ્યારે જરૂર હોય ત્યારે વરસાદ આવે અને આપણી કૃષિક્રાંતિની યાત્રા અવિરત ચાલતી રહે.

છેલ્લા એક જ દશકમાં ઉત્તર ગુજરાતના રણકાંઠાની ખાસ કરીને બનાસકાંઠાની વસતિની રોજીરોટી માટેના સ્થળાંતરની સમસ્યા અટકી ગઈ છે અને બનાસકાંઠા તથા પાટણ જિલ્લામાં ધૂળની ગરમ ડમરીઓ તથા ધોમધખતા સૂરજની ગરમી, સૂર્યઊર્જા બનીને આર્થિક ક્રાંતિ માટે દેશ અને દુનિયાનું આકર્ષણ બની જવાની છે. એવા સોલાર-પાર્કથી સૂર્ય ઊર્જા તથા નર્મદાનાં પાણીથી સૂકી ધરતી ઉપર ઉત્તર ગુજરાતના ખેડૂતો પોતાના પરિશ્રમથી કાચું સોનું પકવે એવું સપનું સાકાર થવાનું છે એની રૂપરેખા તેમણે આપી હતી.

મુખ્યમંત્રીશ્રી એ જણાવ્યું કે બનાસ નદી સૂકી રહી ગઈ પરંતુ બનાસ ડેરીએ દૂધની ધારા વહેતી કરી કિસાનો અને પશુપાલકોમાં આર્થિક ક્રાંતિ કરી છે તેની ઇતિહાસમાં જરૂર નોંધ લેવાશે.

પશુપાલક માતૃશક્તિને અભિનંદન આપતાં તેમણે જણાવ્યું કે ડેરી ઉદ્યોગને સ્વીકૃતિ આપવામાં ગ્રામ નારીસમાજનું સૌથી નિર્ણાયક યોગદાન રહ્યું છે. હવે તો, આ સરકારે પશુપાલન ક્ષેત્રે માનવશક્તિ વિકાસના વૈજ્ઞાનિક પ્રશિક્ષણ માટે કામધેનુ યુનિવર્સિટી પણ શરૂ કરી છે એમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે ૨૭૦૦ જેટલા પશુઆરોગ્ય મેળા સતત નવ વર્ષથી યોજાય છે અને પશુઓની આંખનાં મોતિયાનાં ઑપરેશનો તથા દંત ચિકિત્સા કરવાની સૌથી મોટી જીવદયાની પહેલ ગુજરાતે કરી છે તેની રૂપરેખા આપી જણાવ્યું કે લાખો અબોલ પશુજીવોની સારવાર અને રસીકરણ કરીને રાજ્યમાંથી કુલ ૧૬૯ જેટલા પશુરોગોમાંથી ૧૩૭ જેટલા સંપૂર્ણ નાબૂદ કરી દીધા છે.

મુખ્યમંત્રીશ્રીએ દરેક ખેડૂતને તેના પરિવારમાં દીકરીનો જન્મ થાય ત્યારે ઉત્સવરૂપે પાંચ વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ કરવાનો હૃદયસ્પર્શી અનુરોધ કર્યો હતો, અને જણાવ્યું હતું કે આ દીકરીનાં લગ્ન સમયે પાંચ વૃક્ષોની વેચાણની આવકથી

## મંત્રીશ્રીઓ, રાજ્યમંત્રીશ્રીઓ અને સંસદીય સચિવશ્રીઓને જિલ્લા પ્રભારી અને સહપ્રભારી તરીકે પુનઃફાળવણી

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ તથા સંસદીય સચિવશ્રીઓને જિલ્લા પ્રભારી અને સહપ્રભારી તરીકે નવેસરથી ફાળવણી કરી છે જે આ પ્રમાણે છે :

તદ્‌ અનુસાર, મંત્રીશ્રી વજુભાઈ વાળા-સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લાઓના પ્રભારી મંત્રીશ્રી, નરોત્તમભાઈ પટેલ-વલસાડ અને તાપી જિલ્લાઓના જિલ્લા પ્રભારી, શ્રીમતી આનંદીબેન પટેલ-અમદાવાદ અને મહેસાણા જિલ્લા પ્રભારી, શ્રી નીતિનભાઈ પટેલ-બનાસકાંઠા અને વડોદરા જિલ્લા પ્રભારી, શ્રી દિલીપભાઈ સંઘાણી-રાજકોટ અને જૂનાગઢ જિલ્લા પ્રભારી, શ્રી ફકીરભાઈ વાઘેલા-દાહોદ અને પંચમહાલ જિલ્લા પ્રભારી, શ્રી જયનારાયણ વ્યાસ-સાબરકાંઠા અને આણંદ જિલ્લા પ્રભારી, શ્રી રમણભાઈ વોરા-ખેડા અને પાટણ જિલ્લા પ્રભારી, શ્રી મંગુભાઈ પટેલ-સુરત અને નવસારી જિલ્લા પ્રભારી તરીકેની જવાબદારી સંભાળશે.

તદ્‌ઉપરાંત રાજ્યમંત્રીશ્રી સૌરભભાઈ પટેલ-ભાવનગર અને જામનગર જિલ્લા પ્રભારી રાજ્યમંત્રી શ્રી જશવંતસિંહ ભાભોર-નર્મદા જિલ્લા પ્રભારી, રાજ્યમંત્રી શ્રી કિરીટસિંહ રાણા-ભાવનગર, જિલ્લા સહપ્રભારી, રાજ્યમંત્રીશ્રી પરસોત્તમભાઈ સોલંકી-સુરેન્દ્રનગર જિલ્લા સહપ્રભારી, રાજ્યમંત્રીશ્રી પરબતભાઈ પટેલ-કચ્છ જિલ્લા પ્રભારી, રાજ્યમંત્રીશ્રી જયસિંહજી ચૌહાણ-ગાંધીનગર જિલ્લા પ્રભારી અને પાટણ જિલ્લા સહપ્રભારી, શ્રી વાસણભાઈ આહિર-જૂનાગઢ જિલ્લા સહપ્રભારી, રાજ્યમંત્રી શ્રી કનુભાઈ ભાલાલા-રાજકોટ જિલ્લા સહપ્રભારી, રાજ્યમંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી-અમરેલી જિલ્લા પ્રભારી, શ્રી પ્રદિપસિંહજી જાડેજા-વડોદરા જિલ્લા અને આણંદ જિલ્લા સહપ્રભારી, રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પટેલ-ભરૂચ જિલ્લા પ્રભારી અને સુરત જિલ્લા સહપ્રભારી, રાજ્યમંત્રીશ્રી લીલાધરભાઈ વાઘેલા-ખેડા જિલ્લા સહપ્રભારી, રાજ્યમંત્રીશ્રી મોહનભાઈ કુંડારિયા-પોરબંદર જિલ્લા અને જામનગર જિલ્લા સહપ્રભારી, રાજ્યમંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર-દાહોદ જિલ્લા સહપ્રભારી, રાજ્યમંત્રીશ્રી જીતુભાઈ સુખડીયા-પંચમહાલ જિલ્લા સહપ્રભારી, રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ-વલસાડ જિલ્લા સહપ્રભારી, રાજ્યમંત્રીશ્રી રણજિત ગીલિટવાલા-ડાંગ જિલ્લા પ્રભારી તથા સંસદીય સચિવશ્રીઓ સર્વશ્રી સુંદરસિંહ ચૌહાણ-બનાસકાંઠા જિલ્લા સહપ્રભારી, શ્રી યોગેશભાઈ પટેલ-નર્મદા જિલ્લા સહપ્રભારી, શ્રી હર્ષદભાઈ વસાવા તાપી જિલ્લા સહપ્રભારી તથા શ્રી લવજીભાઈ રાજાણી અમરેલી જિલ્લા સહપ્રભારી તરીકેની જવાબદારી સંભાળશે.

લગ્નપ્રસંગ સંપન્ન થઈ શકશે. તેમણે ખેડૂતોને આર્થિક સધ્ધરતા માટે (૧) નિયમિત સ્વરૂપની ખેતી (૨) પશુપાલન અને દૂધ વેપાર તથા (૩) વૃક્ષની ખેતી એમ ત્રણ સમાન હિસ્સાની આર્થિક પ્રવૃત્તિઓનું પેકેજ અપનાવવા હિમાયત કરી હતી.

ગામડામાં ૨૪ કલાક વીજળી આપનારી જ્યોતિગ્રામ યોજનાએ સહકારી દૂધ ઉદ્યોગને સૌથી મોટી તાકાત આપી છે અને લાખો લીટર દૂધ શીતાગારના અભાવે બગડી જતું હતું તે ચિલિંગ પ્લાન્ટના નેટવર્કથી બગડતું અટકી ગયું છે, હવે શાકભાજી બગડે નહીં તે માટે પણ જ્યોતિગ્રામ ઉપકારક બનશે એમ તેમણે જણાવ્યું હતું.

બનાસ ડેરીના સ્થાપક સ્વ. ગલબાભાઈ પટેલનાં સપનાં સાકાર કરતી બનાસ ડેરીના નિરંતર વિકાસમાં સહભાગી સૌને અભિનંદન આપતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે છેલ્લા એક દશકમાં તો ડેરીએ જિલ્લાના પશુપાલકોની આર્થિક સમૃદ્ધિ માટે હરણફાળ ભરી છે. આજે આ ડેરીનો કારોબાર રૂા. ૪૦૦ કરોડમાંથી એક દશકમાં રૂા. ૨૨૦૦ કરોડ પર પહોંચી ગયો છે. આનું શ્રેય જિલ્લાના સાડા ત્રણ લાખ પશુપાલકોના પશુઓની માવજતના પુરુષાર્થનું પરિણામ લાવનારા કિસાનોને ફાળે જાય છે એમ તેમણે જણાવ્યું હતું.

## સરદાર સરોવર ડેમમાંથી નર્મદાનું ૬૩૦૦ ક્યુસેક્સ પાણી ખરીફ સિંચાઈ માટે આપવાનો સમયોચિત આદેશ આપતાં મુખ્યમંત્રીશ્રી રાજ્યમાં વરસાદ ખેંચાતાં ખરીફ પાકોના વાવેતર માટે ચિન્તાતુર ખેડૂતોની મદદે રાજ્ય સરકાર : નર્મદાનું સિંચાઈનું પાણી તાત્કાલિક આપવાનો સ્તુત્ય નિર્ણય

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં આ વર્ષે વરસાદ ખેંચાતાં, ખરીફ વાવેતર અને વાવણી થયેલા ખરીફ પાકોને બચાવી લેવા માટે કિસાનોની ચિન્તામાં સહભાગી બનીને તાકીદના પગલાંરૂપે, સરદાર સરોવર નર્મદા ડેમમાંથી તાત્કાલિક ૧૬૫૦ મિલિયન ક્યુબિક ફીટ (MCFT) એટલે ૬૩૦૦ ક્યુસેક નર્મદાના પાણીનો જથ્થો છોડવાનો નિર્ણય કર્યો છે. હાલના હયાત કેનાલ નેટવર્ક તથા નર્મદા યોજના અને સુજલામ્ સુફલામ્ ઉદ્વહન પાઈપલાઈન યોજનાના નેટવર્ક દ્વારા નર્મદા ડેમનું આ પાણી આપવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં સોમાચાની શરૂઆતમાં વિલંબ થવાના કારણે ખરીફ પાકના વાવેતર અંગે વિશેષ કરીને સિંચાઈના પાણીની તાકીદની જરૂરિયાત ઊભી થઈ છે. રાજ્ય સરકારે તાકીદના આદેશ કરી કૃષિવિષયક વીજ પુરવઠો દશ કલાક આપવાનો સ્તુત્ય નિર્ણય કરેલો છે અને હવે સરદાર સરોવર ડેમમાંથી ૧૬૫૦ એમટીએફટી નર્મદાનું પાણી ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા તેમજ અમદાવાદ જિલ્લાના આણંદ અને વિરમગામ તાલુકાના વિવિધ સિંચાઈ તળાવો, ફતેવાડી અને ખારીકટ કમાન્ડ એરિયા તથા થોળ તળાવના સિંચાઈ વિસ્તારોમાં આપવાનો ખેડૂતોના વ્યાપક હિતમાં તાત્કાલિક નિર્ણય લીધો છે.

નર્મદાનું આ સિંચાઈના હેતુ માટેનું પાણી નર્મદાની મુખ્ય નહેર આધારિત સુજલામ્ સુફલામ્ ઉદ્વહન પાઈપલાઈન યોજના અને જુદા જુદા વિસ્તારોમાં હયાત કેનાલ નેટવર્ક દ્વારા છોડવામાં આવી રહ્યું છે. આના પરિણામે સૂકી ખેતીના ૨૫ હજાર હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોના વાવેતરને સિંચાઈનો લાભ મળશે અને વરસાદ ખેંચાતાં ચિન્તાતુર ખેડૂતોને મોટી રાહત મળશે.

આ વર્ષે વરસાદ ખેંચાતાં નર્મદાની મુખ્ય કેનાલ અને સુજલામ્ સુફલામ્ યોજનાનાં નેટવર્કનાં કામોને પરિણામે, નર્મદાનું ૬૩૦૦૦ ક્યુસેક પાણી સિંચાઈ માટે આપીને રાજ્ય સરકાર સમયસર ખેડૂતોને સહાયભૂત થઈ રહી છે.

## વરસાદ ખેંચાતાં કૃષિવિષયક વીજ પુરવઠામાં તાત્કાલિક અસરથી વધુ બે કલાક થ્રી ફેઈઝ વીજ પુરવઠો આપવાનો ભાજપ સરકારનો નિર્ણય

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં વરસાદ ખેચાતાં ખરીફ ઋતુમાં કૃષિ પાકના વાવેતર માટે કૃષિવિષયક વીજ પુરવઠો વધુ બે કલાક તાત્કાલિક અસરથી વધારવાનો નિર્ણય કર્યો છે.

ખેડૂતોના વ્યાપક હિતના આ સ્તુત્ય નિર્ણયની ભૂમિકા આપતાં ઊર્જા રાજ્ય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું કે અગાઉ અપાતા આઠ કલાક વીજ પુરવઠાને બદલે તાત્કાલિક અસરથી દસ કલાક થ્રી ફેઈઝ કૃષિવિષયક વીજ પુરવઠો રાજ્યમાં ખેડૂતોને અપાશે.

સમગ્ર રાજ્યમાં સામાન્ય રીતે જૂન મહિનાની ૧૫મી તારીખની આસપાસ ચોમાસું બેસી જતું હોય છે. પરંતુ ચાલુ વર્ષે વરસાદ ખેંચાવાના કારણે રાજ્યના ખેડૂતોને પાકની વાવણી માટે પાણીના અભાવે મુશ્કેલીનો સામનો ન કરવો પડે તેવા કૃષિ હિતકારી અભિગમથી મુખ્યમંત્રીશ્રીએ તા. ૨૮-૬-૨૦૧૧થી રાજ્યના તમામ ખેતીવિષયક ફીડરો ઉપરથી આઠ કલાકના બદલે બે કલાક વધારે એટલે કે ૧૦ કલાક સતત થ્રી ફેઈઝ વીજપુરવઠો આપવાના આદેશો કર્યા હતા. આ આદેશો બીજી સૂચનાઓ ન અપાય ત્યાં સુધી અમલમાં રહેશે.

વરસાદ ખેંચાવાના કારણે રાજ્યના કૃષિ ઉત્પાદનને કોઈ વિપરીત અસર ન પડે તે માટે મુખ્યમંત્રીશ્રીના આ ખેડૂત હિતલક્ષી નિર્ણયને કારણે રાજ્યના કિસાનોને પૂરતું પાણી ઉપલબ્ધ થશે અને કિસાનો સારું કૃષિ ઉત્પાદન મેળવી શકશે. •

# આપણું ભાજપ આપણા કાર્યક્રમો

## ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસે 'લોકતંત્ર સામેના પડકારો' વ્યાખ્યાન યોજાયું

ભારતીય જનસંઘના સ્થાપક અને શ્રીનગરની જેલમાં જેઓના થયેલા મૃત્યુનું આજેય રહસ્ય વણઉકેલાયેલું છે તેવા ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ ૨૩ જૂનના રોજ ભાજપા કાર્યાલય ખાનપુર ખાતે 'લોકતંત્ર સામેના પડકારો' વિષયને લઈને ચિંતક, વિચારક શ્રી વિષ્ણુ પંડ્યાનું વ્યાખ્યાન યોજાયું હતું.

ભારતીય જનતા પાર્ટીના ૩૧મા સ્થાપના દિવસથી પ્રારંભ કરાયેલ વ્યાખ્યાનમાળાના ત્રીજા મણકાનું ભાજપાના પ્રદેશ મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા અને રાજ્યના રાજ્ય કક્ષાના કાયદા પ્રધાન શ્રી પ્રદીપસિંહ જાડેજાએ ઉદ્‌ઘાટન કર્યું હતું.

વ્યાખ્યાનમાળાના પ્રારંભે ભાજપા મીડિયા સેલના કન્વીનર અને વ્યાખ્યાનમાળાના સંયોજક ડૉ. જગદીશ ભાવસારે વ્યાખ્યાનમાળાનું મહત્ત્વ અને પ્રસ્તાવના રજૂ કરી હતી. લીગલ સેલના પ્રદેશ કન્વીનર તેમજ બાર કાઉન્સિલ ઑફ ગુજરાતના ચેરમેન શ્રી જે. જે. પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

વ્યાખ્યાનમાળાના પ્રાસ્તાવિક પ્રવચનમાં ભાજપાના પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયાએ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના જીવન અને કવન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી આઝાદ ભારતની પ્રથમ સરકારના ઉદ્યોગમંત્રી હતા. ૩૦ વર્ષની ઉંમરે યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર સતત છ વર્ષ માટે બન્યા હતા. એક દેશમાં બે વિધાન અને બે પ્રધાન ન જોઈએ તે મુદ્દાને લઈને લાંબી લડતનું નેતૃત્વ કરતાં કરતાં તેઓએ પોતાના પ્રાણની આહુતિ આપી હતી. પ્રખર રાષ્ટ્રભક્તિને વરેલા મહાનુભાવના બલિદાન દિવસે રાષ્ટ્ર માટેની ફરજ અને જવાબદારી અદા કરવાનો સંકલ્પ કરીએ.

ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના કાયદાપ્રધાન શ્રી પ્રદીપસિંહ જાડેજાએ રાજ્ય સરકારની કાયદાકીય સુધારણાઓ માટેની કાર્યપદ્ધતિ ને રાજ્ય સરકારના દ્વારા લેવામાં આવતાં પગલાંઓની ઉપસ્થિત સમુદાયને માહિતી આપી હતી.

'લોકતંત્ર સામેના પડકારો' વિષય પર પોતાનું ચિંતનાત્મક વ્યાખ્યાન આપતાં જાણીતા વિશ્લેષક શ્રી વિષ્ણુ પંડ્યાએ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીને સાંકળીને વર્તમાન પરિસ્થિતિને સ્પષ્ટ કરવા માટેના વિષય પરનું વ્યાખ્યાન ગોઠવવા બદલ આયોજકોને અભિનંદન આપ્યાં હતાં.

તેઓએશ્રીએ જણાવ્યું હતું કે ભારત આઝાદ થયું ત્યારથી લોકતંત્રની રક્ષા માટે સતત રાષ્ટ્રભક્તોએ ઝઝૂમવું પડ્યું છે. કાશ્મીરના પ્રશ્નને લઈને ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ કરેલો સંઘર્ષ એ દેશની એકતા અને અખંડિતતાની રક્ષા માટેનો હતો. આજે રામલીલા મેદાનમાં લોકતંત્રની હત્યા થઈ રહી છે ત્યારે અંગ્રેજ શાસનના જલિયાનવાલા બાગની આપણને યાદ આવે છે.

તેઓએ જણાવ્યું હતું કે ૧૯૭૫માં ૨૫મી જૂનની મધ્યરાત્રિએ સ્વ. ઇંદિરા ગાંધીએ કટોકટી જાહેર કરી વિરોધીઓને ચૂપ કરી દીધા હતા. તેવી જ પરિસ્થિતિ કોંગ્રેસના વડપણ હેઠળની યુ.પી.એ. સરકારે ૪થી જૂનના રોજ રામલિલા મેદાન પર શાંત સત્યાગ્રહ કાળાં નાણાં અને ભ્રષ્ટાચારની સામે કરી રહેલા નિર્દોષ નાગરિકો પર મધ્યરાત્રિએ અત્યાચાર કરીને ઊભી કરી છે. ૧૯૭૫નું ૨૦૧૧માં થઈ રહેલું પુનરાવર્તન પરિવર્તનનો સંકેત છે તેમ તેઓએ જણાવી લોકતંત્ર આજે અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે તેવા સંજોગોમાં કાયદાના રક્ષકોને સત્યના પક્ષે ઊભા રહેવા આહ્‌વાન કર્યું હતું.

વ્યાખ્યાનમાળામાં વિવિધ સેલના પ્રદેશ સહ-કન્વીનર ડૉ. અનિલ પટેલ, શ્રી દેવેન્દ્રસિંહ રક્કડ સહિત વકીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન મીડિયા સેલના સહકન્વીનર ડૉ. હર્ષદ પટેલે કર્યું હતું.

## ભારતીય જનતા યુવા મોરચા દ્વારા ૯ ઑગસ્ટે સંસદ ઘેરાવો કેન્દ્રની ભ્રષ્ટ સરકારને સત્તા છોડવાની ચેતવણી

ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તથા સાંસદ શ્રી અનુરાગ ઠાકુર અને યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદીપસિંહ વાઘેલાએ પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું કે ભારતીય જનતા યુવા મોરચાના લાખો કાર્યકર્તા દેશમાં વધતા જતા ભ્રષ્ટાચાર, કાળાં નાણાં અને લોકતંત્રની નિષ્ફળતાના વિરુદ્ધ આંદોલનના ભાગરૂપે તા. ૯ ઑગસ્ટ' ૨૦૧૧ના રોજ 'સંસદ ઘેરાવો' કરશે. મહાત્મા ગાંધીજીએ બ્રિટિશ સામ્રાજ્યને તા. ૯ ઑગસ્ટના દિવસે ભારત છોડોનો નારો આપ્યો હતો. એ જ તા. ૯ ઑગસ્ટે ભા.જ.યુ.મો. કેન્દ્રની કોંગ્રેસ સરકારની ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપનારી નીતિને કારણે સત્તા છોડે એના માટે એક રાષ્ટ્રીવ્યાપી અભિયાન ચલાવશે.

શ્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે મોટી સંખ્યામાં થયેલા ભ્રષ્ટાચારના મામલામાં કેન્દ્રની કોંગ્રેસ સરકાર દ્વારા ભ્રષ્ટાચારીઓને છાવરવામાં આવે છે અને તેને બચાવવાનો ભરપૂર પ્રયાસ કરે છે તેના માટે ભારતીય જનતા પાર્ટી આક્રોશ વ્યક્ત કરે છે. ભારતના ઇતિહાસમાં પહેલીવાર સૌથી મોટામાં મોટો ભ્રષ્ટાચાર થયો છે. આ કારણે કેન્દ્રની કોંગ્રેસે સરકારને કેન્દ્રમાં રહેવાનો નૈતિક અધિકાર ગુમાવી દીધો છે.

દેશના લોકો અને વિશેષ કરીને યુવા વર્ગ લોકતંત્રની જે હાનિ થઈ તેનાથી દુઃખી અને આશ્ચર્યચકિત છે અને આ સમયમાં થયેલ ભ્રષ્ટાચારનો મુદ્દે સ્પષ્ટીકરણ માંગે છે. અમે માનીએ છીએ

કે કેન્દ્રની સરકાર નિષ્ફળતા માટે નૈતિક જવાબદારી સ્વીકારી લે. આ કેન્દ્રની કોંગ્રેસ સરકારમાં ઘણા બધા ગોટાળા અને ભ્રષ્ટાચાર થયા છે, જેમાં કોમનવેલ્થ ગોટાળો, ટુજી સ્પેક્ટ્રમ ગોટાળો, આદર્શ સોસાયટી ગોટાળો અને એસ બેન્ડ ગોટાળાઓનો સમાવેશ થાય છે. મીડીયા અને સિવિલ સોસાયટી દ્વારા વિરોધ કરવા છતાં પ્રધાનમંત્રી અને યુ.પીએ. સરકારના ચેરપર્સન મૌન ધારણ કરીને બેઠા છે જેને કારણે દેશમાં કટોકટી જેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

ભા.જ.યુ. મોરચાએ કોંગ્રેસની યુ.પી.એ. સરકારના ભ્રષ્ટાચાર અને કાળાં નાણાંના મુદ્દા સામે પદયાત્રા, ભ્રષ્ટાચાર વિરોધ દોડ, ભ્રષ્ટાચારીઓની હોળી, ગોટાળાખોરોની જાન જેવા કાર્યક્રમો કરીને લાખો યુવાનોને આ ભ્રષ્ટ સરકાર સામે જાગૃત અને સક્રિય કર્યા છે. દેશની પ્રજા અને વિશેષ કરીને દેશનું યુવા ધન પ્રધાનમંત્રીના આ રહસ્યમય મૌન પર વિચારી રહ્યું છે અને માંગ કરે છે. સરકારે લોકોના મનમાં ઊઠેલા પ્રશ્નોનો જવાબ આપવો જોઈએ. જે રીતે અંગ્રેજોને ભારત છોડવું પડ્યું હતું તે રીતે આ સરકારે પોતાનો નૈતિક અધિકાર ગુમાવી દીધેલ છે તેવી યુવા વર્ગની માંગણી છે. કેન્દ્ર સત્તા છોડી દેવી જોઈએ.

ભારતીય જનતા યુવા મોરચાએ નિષ્ક્રિય અને ભ્રષ્ટ સરકારની સામે 'ચલો દિલ્હી'નું આહ્વાન કરેલ છે. દેશના ખૂણે ખૂણેથી લાખો યુવાનો દેશમાં થયેલા ભ્રષ્ટાચાર સામે પોતાનો ક્રોધ અને આક્રોશ વ્યક્ત કરવા તા. ૯ ઑગસ્ટે રાષ્ટ્રીય રાજધાનીમાં આવેલ રામલીલા મેદાનમાં એકત્રિત થઈ સંસદ ઘેરાવ માટે માર્ચ કરશે. ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદીપસિંહ વાઘેલાએ જણાવ્યું કે ભ્રષ્ટ કેન્દ્રની કોંગ્રેસ સરકારનો ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરશે અને શપથ લેતાં જણાવ્યું કે કેન્દ્રની ભ્રષ્ટ સરકારને સત્તામાં હટાવવા માટે જોરદાર સંઘર્ષ કરીશું.

## કેન્દ્ર સરકારના ભાવવધારાથી જીવન દુષ્કર બનશે - આર. સી. ફળદુ



પ્રદેશ પ્રમુખશ્રી આર. સી. ફળદુએ કેન્દ્ર સરકાર દ્વારા રાંધણગેસ અને ડીઝલના ભાવમાં કરેલ કમરતોડ ભાવવધારાનો વિરોધ કરી આ ભાવવધારાએ સામાન્ય માણસનું જીવવું દુષ્કર બન્યું છે તેમ જણાવ્યું હતું.

શ્રી ફળદુએ કેન્દ્ર સરકાર દ્વારા રાંધણગેસ, ડીઝલ અને કેરોસીન જેવી રોજબરોજની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં કરેલા આકરા ભાવવધારાને કારણે પરિવારોનું જીવન દોહ્યલું બન્યું છે તેમ જણાવ્યું હતું. કેન્દ્ર સરકારે રાંધણગેસમાં ૫૦ રૂા.નો, ડીઝલમાં ૩ રૂા.નો અને કેરોસીનમાં ૨ રૂા.નો વધારો કર્યો છે. છાશવારે કરવામાં આવતા ભાવવધારાથી પ્રજા ત્રાહિમામ્ થઈ છે.

શ્રી ફળદુએ જણાવ્યું હતું કે દેશમાં અને રાજ્યમાં આ ભાવવધારા માટે ભાજપે કાર્યક્રમો યોજી વિરોધ નોંધાવ્યો છે. કોંગ્રેસની ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપનારી અને પ્રજાને હતોત્સાહ કરવાની ભાવવધારાની નીતિ સામે આગામી સમયમાં પણ ભાજપ લડત આપશે. કોંગ્રેસે પહેલાં કેરોસીનના ગુજરાતને ફાળવાતા ક્વોટામાં કાપ મુકી અન્યાય કર્યો હતો અને હવે આ પેદાશોમાં ભાવવધારો કરી ઘા પર મીઠું ભભરાવી રહી છે.

શ્રી ફળદુએ સદાય સત્તાના મદમાં રાચતી કેન્દ્ર સરકાર કે જે આમ આદમી કે સાથનો દાવો કરે છે તેને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે કોંગ્રેસ ગરીબોના બેલી હોવાનો દંભ બંધ કરે. પ્રજાને પીડનારી આ નીતિને લોકો ઓળખી ગયા છે, પ્રજા તેમને ક્યારેય માફ નહીં કરે.

## ૨૮૦ જેટલા યુવકો કોંગ્રેસ, NCP અને NSUI છોડી ભાજપામાં જોડાયા

ભારતીય જનતા પાર્ટીની વિચારધારા અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસલક્ષી અને યુવાહિતલક્ષી નીતિઓથી પ્રેરાઈને ૨૮૦ જેટલા યુવાનો, વિવિધ હોદ્દા ધરાવતા અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા સહિતના યુવક કોંગ્રેસ NCP અને NSUI છોડી ભારતીયજનતા યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ શ્રી પ્રદીપસિંહ વાઘેલાની આગેવાનીમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે.

## હિંમતનગર ધારાસભ્યએ ૪૮૦૦થી વધુ શાળાના બાળકોને કીટ આપી

પરમ આદરણીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરક નેતૃત્વમાં કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત હિંમતનગર તાલુકામાં શાળા પ્રવેશોત્સવના જ્ઞાનયજ્ઞનું ઉત્સાહભેર આયોજન કરી હિંમતનગર તાલુકાના ધારાસભ્યશ્રી અને ગુજરાત રાજ્યના ગૃહમંત્રી માનનીય શ્રી પ્રફુલભાઈ પટેલના સૌજન્યથી તમામ બાળકોને શાળાકીય કીટ (દફતર, દેશી હિસાબ, પેન્સીલ-રબર, ટિફિન બોક્સ, નોટબુક-૨, સ્લેટ, ચોકલેટ-૨, ફૂટપટ્ટી) ૪૮૦૦ થી વધુ સંખ્યામાં સતત ચોથા વર્ષે ભેટ આપવામાં આવેલ છે. (કમલેશ બારોટ)

## રમશે ગુજરાત-જીતશે ગુજરાત રમત-ગમત સેલની પ્રદેશ બેઠક યોજાઈ

તા. ૪-૭-૨૦૧૧ને સોમવારના રોજ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ રમત-ગમત સેલની પ્રદેશ બેઠક પ્રદેશ રમત-ગમત સેલના કન્વીનર શ્રી ગૌરાંગભાઈ પટેલની અધ્યક્ષતામાં પ્રદેશ

કાર્યાલય, ખાનપુર ખાતે મળી હતી. આ બેઠકમાં વિવિધ જિલ્લા-મહાનગરમાંથી કન્વીનર - સહ કન્વીનરો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી તથા પ્રદેશના વિવિધ સેલના પ્રદેશ સહ પ્રભારી ડૉ. અનિલભાઈ પટેલે ઉપસ્થિત રહી માર્ગદર્શન કર્યું હતું.

રમતગમત સેલની મળેલી પ્રથમ બેઠકમાં ભારતીય જનતા પાર્ટીનું સંગઠન સર્વવ્યાપી - સર્વસ્પર્શી તથા આધુનિક રમતોની સાથે પરંપરાગત રમતોને પ્રોત્સાહન મળે તે દિશામાં રમત-ગમત સેલ મજબૂત સંગઠન ઊભું કરશે. રમત-ગમતના માધ્યમથી વધુ ને વધુ રમતવીરો ભાજપામાં જોડાશે.

આજની આ બેઠકમાં રાજ્યભરમાંથી વિવિધ રમત-ગમત સાથે સંકલાયેલા ખ્યાતનામ રમતવીરો જેવા કે ભૂતપૂર્વ ક્રિકેટર અતુલ બેદાડે, વરિષ્ઠ પોલ જમ્પ ચેમ્પિયન બાબુભાઈ સરધરા અને આંતરરાષ્ટ્રીય એથ્લેટ નાઝાભાઈ ઘાંઘર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## બાયો એનર્જી સેલની બેઠક યોજાઈ

ભારતીય જનતા પાર્ટીના બાયો એનર્જી સેલના રાષ્ટ્રીય કન્વીનર તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી અન્નાસાહેબ એમ. કે. પાટીલની અધ્યક્ષતામાં બાયો એનર્જી સેલના કાર્યકરોની એક બેઠક મળી હતી. બેઠકમાં ગૌ સેવા આયોગના ચેરમેન ડૉ. વલ્લભભાઈ કથીરિયા, ગુજરાતના વિવિધ સેલના સહ પ્રભારી ડૉ. અનિલભાઈ પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## આઈ.ટી.સેલની બેઠક યોજાઈ

ભારતીય જનતા પાર્ટીની વિચારયાત્રા તેમજ વિકાસયાત્રાને આગળ ધપાવવા આઈ.ટી.ના માધ્યમથી ભાજપા ગુજરાતમાં કેવી રીતે મજબૂત થઈ શકે તે સંદર્ભમાં ભાજપા આઈ.ટી. સેલની રાજ્યકક્ષાનું એક દિવસીય જિલ્લા કન્વીનર - સહકન્વીનરોની ભાજપા પ્રદેશ કાર્યાલય, બેઠક યોજાઈ હતી.

આઈ.ટી. સેલના કન્વીનર શ્રીમતી રાજીકાબેન કચેરીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને વિવિધ સેલના પ્રભારી ડૉ. અનિલભાઈ પટેલે સેલનું પક્ષમાં મહત્ત્વ સમજાવ્યું હતું. ઉદ્‌ઘાટનીય પ્રવચનમાં પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયાએ ભાજપાની વિચારધારાને જન જન સુધી પહોંચાડવામાં આઈ.ટી.ની ભૂમિકા અંગે અને પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજાએ તેનું મહત્ત્વ સમજાવ્યું હતું. સમગ્ર રાજ્યના તમામ જિલ્લાઓના કન્વીનરની દિવસભર ચાલેલી કાર્યશાળામાં વડોદરા શહેર પ્રમુખ શ્રી ભરતભાઈ ડાંગર, પ્રદેશ યુવા મોરચા પ્રમુખ શ્રી પ્રદીપસિંહ વાઘેલા સહિત પ્રદેશ ઝોનલ હેડ શ્રી પવન મિશ્રા, શ્રી હિતેશ પટ્ટણી, શ્રી કોમલ શાહ અને શ્રી નીતિશ ત્રિવેદીએ વિવિધ વિષયોનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## સફાઈ કામદારોને સામાજિક ક્રાંતિનું આહ્‌વાન કરતા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરસોત્તમભાઈ રૂપાલા



ભાજપના પ્રદેશ સફાઈ કામદાર સેલની એક દિવસીય બેઠક ભાજપા કાર્યાલય ખાતે મળી હતી. આ બેઠકમાં ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા, સેલના સહ પ્રભારી ડૉ. અનિલભાઈ પટેલે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

સફાઈ કામદાર સેલના પ્રદેશ કન્વીનર વડોદરાના પૂર્વ મેયર શ્રી સુનિલભાઈ સોલંકીએ યાદીમાં પ્રદેશ બેઠકની માહિતી આપતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ભાજપાની શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર જ્યારથી અસ્તિત્વમાં આવી છે ત્યારથી સફાઈ કામદાર સમાજમાં ઉત્સાહ અને આનંદનું વાતાવરણ નિર્માણ થયું છે અને સમાજને સ્વમાનભેર જીવન જીવવાનો માર્ગ પ્રશસ્ત થયો છે. ભાજપાનો સમાજમાં વ્યાપ વધારવા કાર્યરત થવા તેઓશ્રીએ કાર્યકરોને આહ્‌વાન કર્યું હતું. ભાજપાના પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયાએ કાર્યકરોને ભાજપાના પ્રચારક બનવા, સરકારની સમાજ કલ્યાણલક્ષી વાતો ઘેર ઘેર પહોંચાડવા કાર્યરત થવા અપીલ કરી હતી. સફાઈ કામદાર સેલનું સંગઠન વધારે વ્યાપક બનાવવા અને સમર્પિત કાર્યકર તૈયાર કરવા માર્ગદર્શન આપ્યું હતું. સફાઈ કામદાર સેલની બેઠકનું સમાપન કરતા ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ સફાઈ કામદાર વર્ગને સમસ્યાઓમાંથી બહાર લાવવા અને સામાજિક ક્રાંતિ કરવા આહ્‌વાન કર્યું હતું. સફાઈ કામદાર વર્ગને વ્યાજખોરોની ચુંગાલમાંથી છોડાવવા સેલને કમર કસવા અપીલ કરી હતી. તેઓએ સરકારની યોજનાઓના લાભો સમાજમાં પહોંચાડવા માટે અને ભ્રષ્ટ કોંગ્રેસીઓ સામે જાગૃતિ લાવવા જનજાગરણ કરવા માટે કાર્યરત થવા માર્ગદર્શન કર્યું હતું. સફાઈ કામદાર સેલની બેઠકમાં ગોધરા નગરપાલિકાના પ્રમુખ રાજેશ ચૌહાણે સ્વાગત પ્રવચન કર્યું હતું. બેઠકમાં સમગ્ર રાજ્યમાંથી અપેક્ષિત કાર્યકરો સહિત બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. બેઠકનું સંચાલન સફાઈ કામદાર સેલના પૂર્વ કન્વીનર અને સફાઈ કામદાર વિકાસ બોર્ડના પૂર્વ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ પરમારે કર્યું હતું. આભાર શ્રી શંકરલાલ વાઘેલાએ વ્યક્ત કર્યો હતો.

## રોજ બચાવેલ ૧ - ૧ રૂપિયો ભાજપ કાર્યકર્તાઓએ કન્યા કેળવણીમાં આપ્યો

રાજપરાના યુવાનો પાસે રોજના એક રૂપિયાની બચતમાંથી ચારેક વર્ષમાં સારી એવી રકમ ભેગી થઈ. આ બચતમાંથી ૧૭મી જૂન-૨૦૧૧ના રોજ

## ગુજરાતની વિકાસયાત્રાને આયોજન પંચની મહોર મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને સરકારને અભિનંદન

ગુજરાત રાજ્યની ૨૦૧૧-૧૨ની વાર્ષિક યોજનાની નિર્ધારિત રૂા. ૩૭૧૫૨-૬૮ કરોડની રકમમાં વધારો કરીને ૩૮૦૦૦ કરોડ મંજૂર કરવાના કેન્દ્રીય આયોજન પંચના નિર્ણયને ગુજરાતની વિકાસયાત્રા પર મહોર મારવા સમાન ગણાવી ગુજરાત રાજ્યના વિકાસપુરુષ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત સરકારને અભિનંદન.

૧૯૫૦માં આયોજન પંચની સ્થાપના થઈ અને ૧૯૫૧થી પંચવર્ષીય યોજનાની શરૂઆત થઈ ત્યાંથી લઈને ૯મી પંચવર્ષીય યોજના સુધી ગુજરાતની યોજનાનું કુલ કદ ૪૭,૦૦૦ કરોડ રૂપિયા હતું. ૧૦મી પંચવર્ષીય યોજના ૨૦૦૨ થી એટલે કે જ્યારથી ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસનધુરા સંભાળી છે ત્યારથી યોજનાનું કદ સતત વધતું ગયું છે. ૧૦મી પંચવર્ષીય યોજનામાં ૫૨,૦૦૦ કરોડ રૂપિયાનું કદ અને ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૧,૧૧,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ નિર્ધારિત કર્યો હતો. તેની સામે ૧,૨૭,૦૦૦ કરોડ ખર્ચ કર્યો હતો. ગુજરાત રાજ્યની વિકાસયાત્રાને આયોજન પંચના નિષ્ણાત સભ્યોએ અનેક દૃષ્ટિએ મૂલવીને સરકારે નિર્ધારિત કરેલ રકમ કરતાં ૨૬.૬૭ ટકાની યોજનાના કદમાં વૃદ્ધિ કરીને વિકાસને સાચા અર્થમાં પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. ગુજરાત એ રાષ્ટ્રના વિકાસનું ગ્રોથ એન્જિન છે તે આયોજન પંચની ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી મોન્ટેકસિંહ આહલુવાલિયા વચ્ચેની તાજેતરની બેઠકે પ્રસ્થાપિત કર્યું છે. ગુજરાતની વિકાસયાત્રાને આયોજન પંચના હકારાત્મક વલણને પરિણામે નવી દિશા અને ઉત્સાહ વધશે.

રાજપરા ગામના ગામની પ્રાથમિક શાળામાં થનાર કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવમાં આદરણીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબ પધારનાર છે તો એ નિમિત્તે કન્યા કેળવણી નિધિમાં રૂા. ૫,૦૦૦/- અર્પણ કરીએ છીએ.

અમે સૌ નવજુવાનો એવી ભાવના રાખીએ છીએ કે અમારો આ વિચાર આખા ગુજરાતના ખૂણે-ખૂણે પહોંચે અને બીજા કેટલાય યુવાનોને પ્રેરણારૂપ બને એવી આશા રાખીએ છીએ.

### માણાવદર/માંગરોળ નગરપાલિકાની એક-એક સીટની પેટાચૂંટણીમાં બન્ને સામાન્ય સીટો ઉપર ભાજપે કરેલ દલિત ઉમેદવારોની પસંદગી

ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રદેશ ભાજપની સહમતીથી જિલ્લા ભાજપ જૂનાગઢ દ્વારા જિલ્લાની આગામી માણવદર/માંગરોળ નગરપાલિકાની એક-એક સીટની પેટાચૂંટણીમાં સામાન્ય સીટો ઉપર દલિત ઉમેદવારો પસંદ કરીને એક નવો રાહ રાજકીય પક્ષોને ચીંધ્યો છે. આ ઉમેદવારો પસંદ થતાં આ વિસ્તારમાં દલિત સમાજમાં આનંદ અને ઉત્સાહ ઊભરી આવેલ છે.

માણાવદર નગરપાલિકામાં વોર્ડ નંબર ૪ની સામાન્ય સ્ત્રીની બેઠકની ચૂંટણી છે જેમાં ભાજપના ઉમેદવાર તરીકે દલિત સમાજના મહિલા શ્રીમતી શોભનાબેન માધવજીભાઈ પંચારીને પસંદ કરાયેલ છે. તેમજ માંગરોળ નગરપાલિકાના વોર્ડ નંબર ૮ની સામાન્ય સીટની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે દલિત સમાજના શ્રી જગદીશભાઈ દેવશીભાઈ કાથડને પસંદ કરાયેલ છે.

(વિનુભાઈ કથીરીયા)



**હજ સમિતીના સભ્ય શ્રી યુનુસભાઈ શેખે મા-બાપ ગુમાવી ચુકેલી બારોટ સમાજની દિકરીને દત્તક લીધી.**

### ભાવવધારા સામે ધિક્કારની લાગણી સાથે જુનાગઢ જિલ્લા દ્વારા લાકડાં અને છાણાંના ચૂલાથી લીમડા ચોકમાં મહિલાઓએ ખીચડી બનાવી

જિલ્લા ભાજપ જુનાગઢ દ્વારા કેરોસીન, ડીઝલ, ગેસના ભાવવધારાના વિરોધમાં તા. ૨૭-૬-૨૦૧૧ને સોમવારના રોજ કલેક્ટર કચેરી સામે સામૂહિક ધરણાનો કાર્યક્રમ કરવામાં આવેલ અને ભાવવધારો કેન્દ્ર સરકાર પાછો ખેંચે તેવી માંગણી તથા ભાવવધારા વિરોધનું આંદોલન શેરી ગલીઓ અને ગામડે ગામડે કરવામાં આવશે તેવી ચીમકી જિલ્લા ભાજપ જુનાગઢ દ્વારા આપવામાં આવેલ છે. જિલ્લા ભાજપ જુનાગઢના અધ્યક્ષ શ્રી માધાભાઈ બોરીચાએ મોંઘવારી બાબતે પ્રવચન આપેલ અને કેન્દ્ર સરકારની જનતા વિરોધી ભાવવધારાની નીતિને વખોડેલ છે.

(મનસુખ ગજેરા)

### આણંદ જિલ્લા ભાજપ પરિવાર દ્વારા જૂના જનસંઘના કાર્યકર્તાઓનો સન્માન સમારોહ

આણંદ જિલ્લા ભાજપ પરિવાર દ્વારા જૂના જનસંઘના કાર્યકર્તાઓ-વડીલોનો આદરપૂર્વક સન્માન કાર્યક્રમ આર્યસમાજ આણંદ ખાતે યોજવામાં આવ્યો હતો.

# અમે બહુ મક્કમતાપૂર્વક માનીએ છીએ કે વડાપ્રધાનની ઑફિસ પણ લોકપાલની તપાસની નીચે આવવી જોઈએ

ભારતીય સંસદના ઇતિહાસમાં લોકપાલ બીલના ઇતિહાસમાં જેટલા રંગો જોવા મળે છે તેટલા એક પણ બિલમાં જોવા મળતા નથી. લોકપાલ શબ્દનો અર્થ થાય છે જાહેર (સરકારી) સત્તાધારીઓ સામે લોકોની ફરિયાદોની તપાસ કરવા માટે નીમેલો અધિકારી. જેનો સ્વિડિશ અર્થ એક ફરીયાદી વ્યક્તિ તરીકે કરવામાં આવે છે. આવા અધિકારીની કાયદાકીય રીતે વહીવટની ફરિયાદો સામે તપાસ કરવા માટે નિમણૂક કરવામાં આવે છે.

૧૯૬૬માં તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને વહીવટીય સુધારણા માટે એક ખાસ પંચ બેસાડ્યું હતું, જેના પ્રમુખ મોરારજી દેસાઈ હતા. આ પંચમાં લોકપાલની ભલામણ કરવામાં આવી હતી.

૧૯૭૭ દરમિયાન મોરારજીની સરકાર વખતે આ ખરડાને લોકપાલ બિલ તરીકે રજૂ કરવામાં આવ્યો અને સંયુક્ત સમિતિ દ્વારા ૧૯૭૮ના જુલાઈમાં તેનો રિપોર્ટ બનાવીને રજૂ કરવામાં આવ્યો. ફરીવાર જ્યારે લોકસભામાં આ ખરડાને પસાર કરવામાં આવ્યો ત્યારે લોકસભાની બેઠક મુલતવી થઈ અને પાછળથી લોકસભાનું વિસર્જન થયું અને અંતે ફરી આ બિલને પડતું મૂકવામાં આવ્યું.

૧૯૮૫માં રાજીવ ગાંધીની સરકાર વખતે લોકપાલ બિલને એક નવા ખરડા તરીકે રજૂ કરવામાં આવ્યો. ફરીવાર તેને સંયુક્ત સમિતિ સામે મૂકવામાં આવ્યો. તે વખતે હું રાજ્યસભામાં વિરોધ પક્ષનો નેતા હતો. મેં ખાસ જણાવ્યું હતું કે અગાઉ બે સંયુક્ત સમિતિએ વિગતવાર આ ખરડાનું અવલોકન કરી લીધું છે અને સાથે અનેક વિદ્વાનો દ્વારા તેને સાંભળવામાં આવ્યો છે, જેના પુરાવા પણ મોજૂદ છે. આ પ્રકારની લાંબી પ્રક્રિયાની ફરીવાર કોઈ આવશ્યકતા નથી. છતાં સમિતિએ પોતાની રીતે વિચાર્યું. લગભગ ત્રણ વર્ષ સુધી કમિટીએ સિમલાથી ત્રિવેન્દ્રમ અને પણજીથી પોર્ટબ્લેર સુધી ભ્રમણ કરી લીધું. ખરેખર તો આ સમિતિએ ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મુલાકાત લીધી હતી. આ સમિતિની સમયમર્યાદા પણ આઠ વાર વધારવામાં આવી. અંતે ૧૫મી નવેમ્બર, ૧૯૮૮માં તત્કાલીન ગૃહમંત્રી શ્રી પી. ચિદમ્બરમે સમિતિને જણાવી દીધું કે સરકારે આ ખરડાને રદબાતલ કરવાનું નક્કી કર્યું છે.

આખરે વિરોધ પક્ષના સભ્યો જેવા કે પી.



ઉપેન્દ્ર, અલાદી અરુણા, કે. પી. ઉન્નિકૃષ્ણન, જયપાલ રેડ્ડી, જૈનલ આબેદિન, ઇન્દ્રજીત ગુપ્તા, વિરેન્દ્ર વર્મા અને મારા દ્વારા સંયુક્ત સમિતિને નમ્રપણે એક નોંધ મોકલવામાં આવી હતી જેમાં અમે અવલોકન કર્યું હતું તે આ પ્રમાણે છે.

'અત્યાર સુધીમાં લોકપાલ બિલની અનેક આવૃત્તિઓ મોકલવામાં આવી છે. ૧૯૮૫માં રજૂ થયેલ બિલ તેના વિષયવસ્તુને ધ્યાનમાં લઈને અમને સૌથી વધુ દમ વિનાનું લાગે છે, જેમાં કોઈ શક્યતાઓ જેવું દેખાતું નથી. જ્યારે સરકારે નક્કી કર્યું કે બન્ને ગૃહની સંયુક્ત સમિતિ તેના પર વિશ્લેષણ કરી રહી છે ત્યારે બિલની તપાસ અંગે સરકારનો અભિગમ ઘણો વિશાળ લાગ્યો છે.

જે રીતે બહુમતીથી આ ખરડાને રદબાતલ કરવામાં આવ્યો છે તે વાતનો અમે મક્કમપણે વિરોધ કરીએ છીએ. સંયુક્ત સમિતિની ત્રણ વર્ષ લાંબી મજૂરી અને વધુ પડતા પ્રયાસોને અમે વખોડ્યા. બહુ અગાઉથી જ અમે જોયું કે આ ખરડાને અપૂર્ણ રીતે રજૂ કરવામાં આવ્યો હતો. સરકાર અમારી સાથે સહમત ના થઈ અને તેમના ઇરાદા સાથે મક્કમ રહી અને હવે ત્રણ વર્ષ પછી ફરીવાર એ વાતનો નિવેડો એવો આવ્યો કે આ ખરડો માત્ર અપૂર્ણ જ નહીં પરંતુ એટલી હદે ખરાબ છે કે તેને સુધારી શકાય તે સ્થિતિમાં પણ નથી.'

આજની ખામી રૂપે મંત્રીઓથી ઉપરની કક્ષાએ લોકપાલ પાસેથી એક વોચડોગ જેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. છેલ્લાં બે વર્ષથી ભ્રષ્ટાચાર એ લોકોમાં ચર્ચાતો એક સર્વસામાન્ય મુદ્દો બની ગયો છે. અમારા અવલોકન પ્રમાણે કેટલાંક રાજ્યો પણ લોકાયુક્તની નિમણૂક માટે આગળ આવી રહ્યાં છે. જે તે રાજ્યોના મુખ્યમંત્રીઓ લોકાયુક્તની નિમણૂકની દિશામાં વિચારી રહ્યા છે. અમે બહુ મક્કમતાપૂર્વક માનીએ છીએ કે વડાપ્રધાનની ઑફિસ પણ લોકાયુક્તની તપાસ નીચે આવવી જોઈએ.

બહુ ઘેરા દુઃખની વાત એ છે કે લોકલાગણીને માન આપવાને બદલે આ મુદ્દાને અને અમારી માન્યતાની માગણીને બિન અસરકારક બનાવવાના ફરી પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ફરીવાર આ ખરડાને રદબાતલ કરવાની દિશા તરફ લઈ જવામાં આવી રહ્યો છે. ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સામે સરકાર વામણી પુરવાર થઈ રહી છે અને એક પ્રકારની અંધાધૂંધી ફેલાવીને આનાકાની કરવાનો સ્પષ્ટ નિર્દેશ છે. સરકારના આ પ્રકારના ઉદ્ધત વર્તનનું કવચ બનીને અમે પક્ષકાર થઈ શકીએ તેમ નથી. આમ અમે આ વાતને સ્વીકારતા નથી.

૧૯૮૯માં રાજીવ ગાંધીના નેતૃત્વ હેઠળ કોંગ્રેસે સત્તા ગુમાવી હતી. શ્રી વી. પી. સિંહે ભાજપ અને ડાબેરી પક્ષોની મદદથી સરકાર રચી હતી. સ્વાભાવિકપણે ૧૯૮૯માં રજૂ કરવામાં આવેલ લોકપાલમાં બિન કોંગ્રેસી મતમતાંતરો જોવા મળ્યા હતા. એનડીએની સરકાર વખતે પણ અટલબિહારી વાજપાઈ દ્વારા વડાપ્રધાનને આવરીને લોકપાલ બિલની રચના કરવામાં આવી હતી. મને બહુ સારી રીતે યાદ છે કે વડાપ્રધાન બહુ આગ્રહી હતા કે પ્રાઇમ મિનિસ્ટરને પણ લોકપાલના કાયદાની હદમાં આવરી લેવામાં આવે.

આ ચર્ચાની શરૂઆત વિરોધ પક્ષના નેતા સુષ્મા સ્વરાજ દ્વારા કરવામાં આવી હતી. તેમનું ભાષણ તીખું અને પ્રેરણાદાયી હતું. દેશને મજબૂત અને અસરકારક લોકપાલની જરૂર છે. પરંતુ આ મુદ્દા પર સરકારની વર્તણૂક એકદમ ગેરવ્યાજબી છે. સાંસદીય પ્રણાલીથી લઈને કાયદાને વેરવિખેર કરવા સુધીની પ્રક્રિયામાં સરકાર હાસ્યાસ્પદ બની રહી છે.

દરેક સાંસદ પણ આ મુદ્દે ભાજપના સાંસદે જે વાત કરી તે વાતમાં માને છે. આ કોન્ફરન્સના છેલ્લા વક્તા અરૂણ જેટલી હતા. તેમણે જણાવ્યું હતું કે, અન્ના હજારે અને પાંચ કેન્દ્ર મંત્રીઓ દ્વારા સરકારને બે ડ્રાફ્ટ બિલ આપવામાં આવ્યાં હતાં. તેઓ ઇચ્છે છે કે મંત્રીઓ દ્વારા સુપ્રત ડ્રાફ્ટ એક યોગ્ય લોકપાલનું સર્જન કરશે. જ્યારે સરકાર લોકપાલને અનુમતિ આપી રહી છે ત્યારે વર્તમાન ડ્રાફ્ટને ફરીવાર સુસજ્જ બનવા દઈએ. •

**ઉજ્જૈન - મધ્યપ્રદેશ સરકારના સ્કૂલ ચલેં હમ અભિયાનનું ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સમાપન**

# આઝાદી પછી આવેલી ચાર પ્રકારની રાજ્ય સરકારોમાં ભાજપા શાસિત રાજ્યો જ સર્વાધિક વિકાસની સિદ્ધિઓમાં મોખરે છે - નરેન્દ્રભાઈ મોદી



**દિલ્હી સરકાર ભ્રષ્ટાચારોમાં ગળાડૂબ છે અને કોંગ્રેસે સાથી પક્ષોના મંત્રીઓને જેલમાં જતા રોકવાની ચિન્તામાં દેશની જનતાને નિઃસહાય સ્થિતિમાં છોડી દીધી છે.**

**ગુજરાતે દશ વર્ષમાં હિન્દુસ્તાનની ધરતી ઉપર વિકાસનો આગવો ઈતિહાસ રચી દીધો છે - શિવરાજસિંહ ચૌહાણ**

મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉજ્જૈનમાં મધ્યપ્રદેશ સરકારના શિક્ષા અભિયાનના સમાપનના વિશેષ અતિથિ તરીકે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આઝાદી પછી આવેલી કોંગ્રેસી સરકારોએ વિકાસ અને શિક્ષણને પ્રાથમિકતા આપવાને બદલે સત્તાસુખ ભોગવ્યું છે, પરિણામે આઝાદીનાં ૫૦ વર્ષ પછી પણ રાજ્યોમાં ભાજપા શાસિત સરકારોએ પ્રાથમિક શિક્ષણ માટેના જનઅભિયાન કરવાં પડે છે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રીના ખાસ આમંત્રણથી 'સ્કુલ ચલેં હમ' - શિક્ષા અભિયાનના સમાપન સમારોહમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશેષ અતિથિ તરીકે ઉજ્જૈનમાં શાળા નામાંકન માટે બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં. તેમણે વિકલાંગ વ્યક્તિઓને મધ્યપ્રદેશ પ્રશાસનની વિવિધ સહાય યોજનાઓના લાભોનું 'સ્પર્શ અભિયાન' અન્વયે વિતરણ કર્યું હતું અને મધ્યપ્રદેશ હરિયાળી મહોત્સવનો પ્રારંભ વૃક્ષારોપણ કરીને કરાવ્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ દેશના રાજકીય પંડિતો, અર્થશાસ્ત્રીઓ અને વિકાસના હિતચિન્તકોને પ્રેરક અનુરોધ કર્યો હતો કે આઝાદી પછી દેશમાં ચાર પ્રકારની સરકારોમાંથી વિકાસની સર્વાધિક સિદ્ધિઓ કોણે પ્રાપ્ત કરી છે તેનું અધ્યયન અને રાષ્ટ્રીય ચર્ચાનું વાતાવરણ સર્જવું જોઈએ.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે આઝાદી પછી દાયકાઓ સુધી સત્તા ભોગવનારી કોંગ્રેસની રાજ્ય સરકારો, ડાબેરી વિચારધારા ધરાવતી પશ્ચિમ બંગાળની સામ્યવાદી સરકારનું લાંબા ગાળાનું એકધારું શાસન, રાજ્યોમાં પ્રાદેશિક અને પારિવારિક પક્ષોની સરકારો તથા ભાજપાની સરકારોમાં સર્વાધિક વિકાસ માટે કોણે પ્રતિબદ્ધતા, ઉત્તમ નેતૃત્વ, કાર્યસિદ્ધિ, કાર્યસંસ્કૃતિ અને વિકાસનો અભિગમ દર્શાવ્યો છે તેનું અધ્યયન કરતાં ભાજપાની સરકારો જ સર્વાધિક વિકાસ અને જનહિત કાર્યો માટે અગ્રીમસ્થાને રહી છે તે પુરવાર થઈ જશે.

મુખ્યમંત્રીશ્રીએ દૃષ્ટાંત રૂપે સ્વ. ઈન્દિરા ગાંધીએ જાહેર કરેલા વીસ મુદ્દાના ગરીબલક્ષી કાર્યક્રમના અમલીકરણમાં છેલ્લાં દશ વર્ષનાં મૂલ્યાંકનોમાં દેશમાં કોંગ્રેસ શાસિત રાજ્યો પ્રથમ પાંચ ક્રમમાં ક્યાંય સ્થાન પામતાં નથી અને ભાજપા શાસિત રાજ્યો જ વીસ મુદ્દાના કાર્યક્રમના સફળ અમલમાં ટોચના સ્થાને રહ્યાં છે તેમ જણાવ્યું હતું.

મધ્યપ્રદેશ ગુજરાત, છત્તીસગઢ અને હિમાચલ પ્રદેશ જેવા ભાજપા શાસિત રાજ્યોમાં સાર્વજનિક શિક્ષા અભિયાનોથી પ્રાથમિક શિક્ષણમાં ગુણાત્મક પરિણામો આવ્યાં છે, પરંતુ કેન્દ્રની સરકાર નકારાત્મક માનસિકતાથી શિક્ષણના કેન્દ્રીય કાનૂનો બનાવીને રાજ્યો ઉપર તેના અમલની જવાબદારી સોંપે છે, પરંતુ નાણાકીય બોજમાં રાજ્યોને મદદ કરવા તૈયાર થતી નથી છતાં, ભાજપા શાસિત રાજ્યોએ શિક્ષણ સુધારણાના ક્ષેત્રે

ક્રાંતિકારી સિદ્ધિઓ મેળવી છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અત્યારે જે રાજ્યોમાં સત્તાસુખથી વંચિત છે એવા કોંગ્રેસીઓ શિક્ષણ જેવા પવિત્ર અભિયાનની ટીકા કરે છે તે માનસિકતાની આલોચના કરી હતી. તેમણે જણાવ્યું કે હિન્દુસ્તાન વિશ્વનો સૌથી યુવા દેશ છે અને ભારતના માથેથી નિરક્ષરતાનું કલંક દૂર થાય તો દેશની ૧૨૦ કરોડની જનશક્તિમાં ૬૫ કરોડ યુવાનો છે તેના સામર્થ્યથી વિશ્વગુરુનું ગૌરવ હિન્દુસ્તાન મેળવી શકે તેમ છે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે દેશનું દુર્ભાગ્ય એ પણ છે કે આજે દિલ્હી સરકાર ભ્રષ્ટાચારોમાં ગળાડૂબ છે અને કોંગ્રેસે સાથી પક્ષોના મંત્રીઓને જેલમાં જતા રોકવાની ચિન્તામાં દેશની જનતાને નિઃસહાય સ્થિતિમાં છોડી દીધી છે. ભૂતકાળમાં કેન્દ્ર અને રાજ્યની સરકારો સાથે મળીને સમસ્યાના ઉકેલ માટે, વિકાસ માટે કાર્ય કરતી હતી, પરંતુ આજે યુ.પી.એ. સરકારમાં વિકાસ માટે પ્રતિબદ્ધ ભાજપાની રાજ્ય સરકારોને હેરાન પરેશાન કરવાના કારસા રચાઈ રહ્યા છે.

તેમણે જણાવ્યું કે ભાજપાની રાજ્ય સરકારો જ વિકાસ માટે સર્વાધિક પ્રતિબદ્ધ રહી છે અને વિકાસના માપદંડ તથા ગતિ માટે ભાજપા રાજ્યોની સિદ્ધિઓ દેશમાં મૉડેલ બની રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ વિકલાંગોને આત્મવિશ્વાસ દ્વારા સમાજમાં માનભેર જીવવા માટેના સામાજિક દાયિત્વની ભાવનાને ઉજાગર કરવા હૃદયસ્પર્શી અપીલ કરતાં જણાવ્યું કે રાજ્ય શાસન સંવેદનશીલ હોય તો વિકલાંગોને માટે ‘સ્પર્શ’ જેવું અભિયાન વિકલાંગોમાં નહીં, સરકાર અને સમાજને વિકલાંગના સ્પર્શથી કરુણા અને સંવેદનાની અનુભૂતિ કરાવે છે.

મુખ્યમંત્રીશ્રીએ વિકલાંગો માટેની વિકાસ માટેની મધ્યપ્રદેશ સરકારની સંવેદના, વિકલાંગને યાચક નહીં પણ આત્મવિશ્વાસની પ્રેરણા આપશે એમ જણાવ્યું હતું.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણે ગુજરાતના વિકાસને હિન્દુસ્તાનના મૉડેલ તરીક ગણાવી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની પ્રશંસા કરી હતી. ગુજરાતે દશ વર્ષમાં હિન્દુસ્તાનની ધરતી ઉપર વિકાસનો આગવો ઈતિહાસ રચી દીધો છે એમ જણાવી ગુજરાતના પ્રાથમિક શિક્ષાના અભિયાનને તેમણે ક્રાંતિકારી સફળતા ગણાવી હતી.

આ પ્રસંગે મધ્યપ્રદેશના શિક્ષણમંત્રી શ્રીમતી અર્ચના ચિટનીસે પણ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વથી શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા મળી છે અને ગુણોત્સવથી શિક્ષણની ગુણવત્તા ઊંચે આવી છે તેમ જણાવ્યું હતું. •

## ગુજરાતમાં આરોગ્ય સેવાઓને વધુ સક્ષમ બનાવવા દરેક જિલ્લામાં એક મેડિકલ કૉલેજ સ્થપાશે




મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં આરોગ્ય સેવાઓને ગુણવત્તાસભર બનાવવા માટે મેડિકલ શિક્ષણક્ષેત્રે કૉલેજો અને બેઠકક્ષમતામાં ક્રાંતિકારી બદલાવ આવ્યો છે તેની ભૂમિકા આપી હતી અને નિર્ધાર વ્યક્ત કર્યો છે કે ગુજરાતના દરેક જિલ્લામાં એક મેડિકલ કૉલેજ કાર્યરત થશે.

મુખ્યમંત્રીશ્રીએ આતંકવાદી હુમલાઓનો ભોગ બનેલા અને સીમા સુરક્ષા ક્ષેત્રે દેશની રક્ષા માટે ઈજાગ્રસ્ત થયેલા વિકલાંગ સૈનિકો-જવાનોના અંગ પ્રત્યારોપણ માટે સ્ટેમસેલ ટ્રીટમેન્ટ થેરપીનાં સંશોધનોનો લાભ મળે તે માટે તબીબો-તજજ્ઞોને હાર્દ ભરી અપીલ પણ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતમાં સ્વાસ્થ્ય સેવા ક્ષેત્રને વધુ સુગઠિત બનાવવા દશ વર્ષમાં સંપૂર્ણ નવી ૧૫ મેડિકલ કૉલેજો અને ૨૧૧૫ થી વધારે બેઠકોની ક્ષમતા ઊભી કરી છે. ૨૦૦૧માં માત્ર બે જ મેડિકલ કૉલેજો અને ૫૦૦ બેઠકો હતી આજે તેમાં અનેકગણો વધારો થયો છે.

જગન્નાથજીની નગરયાત્રાની સાથે આરોગ્ય સેવાની આ યાત્રાનો પ્રારંભ થઈ રહ્યો છે તેનો આનંદ વ્યક્ત કરીને મુખ્યમંત્રીશ્રીએ સ્ટેમ સેલ ટ્રીટમેન્ટ થેરપી સાથેની સેવિયર હૉસ્પિટલ દેશમાં આ પ્રકારની પ્રથમ હૉસ્પિટલ છે તેમ પણ જણાવ્યું હતું.

સ્ટેમ સેલ થેરપી ભારતીય સંસ્કૃતિના પ્રાચીન વેદ વિજ્ઞાનમાં પણ છે અને મહાભારતના કર્ણનો જન્મ આ વિજ્ઞાનની દેન છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે દુનિયામાં સૌથી પુરાતન પ્લાસ્ટિક સર્જરીનું જ્ઞાન ગણેશજીના નિર્માણમાં છે, જ્યાં મસ્તક હાથીનું, શરીર મનુષ્યનું છે. કાળક્રમે પૌરાણિક આરોગ્ય જ્ઞાન વિસરાતું ગયું અને હવે ૨૧મી સદીમાં ગુજરાતે તેની પહેલ કરી છે.

# સતત દસમા વર્ષે રથયાત્રા પ્રસ્થાન અને પહિન્દ વિધિ કરાવવાનો સૌભાગ્યવિક્રમ શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફાળે



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન જગન્નાથની ૧૩૪મી રથયાત્રાને ભક્તિભાવભર્યા વાતાવરણમાં અમદાવાદના જગન્નાથ મંદિરેથી પ્રસ્થાન કરાવ્યું હતું. સતત દસમી વખત ભગવાન જગદીશની રથયાત્રાને પ્રસ્થાન કરાવવા અને પહિન્દ વિધિ સંપન્ન કરવાનો સૌભાગ્ય વિક્રમ શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફાળે જાય છે.

પ્રતિ વર્ષે અષાઢી બીજે યોજાતી આ પરંપરાગત રથયાત્રાના ભગવાન જગન્નાથજીના મુખ્ય રથમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોનાના ચામરથી ભગવાનની સેવા કરી હતી અને નિજ મંદિરેથી યાત્રાના માર્ગે જવા પહિન્દ વિધિ સંપન્ન કરી અને રથને સ્વયં દોરીને નિજ મંદિરથી નગરયાત્રા માટે પ્રસ્થાન કરાવ્યું હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન જગન્નાથને ગરીબો અને દરિદ્રનારાયણોના ભગવાન તરીકે ગણાવી તેમના આશિષ ગરીબો અને કિસાનોનું ભલું કરે તેવી અભિલાષા વ્યક્ત કરી હતી.

દરિદ્રનારાયણના આ ભગવાન જન-જન, ખેડૂત, ગ્રામ-નગર સૌ કોઈને વરસાદથી સંતૃપ્ત કરે તેવી કૃપા વરસાવશે તેવી વાંચ્છના મુખ્યમંત્રીશ્રીએ કરી હતી.

ગુજરાતમાં ૧૧૦ નગરો-ગામોમાં પરંપરાગત રથયાત્રાનું પર્વ આનંદ-ઉલ્લાસથી ભક્તિભાવભર્યા વાતાવરણમાં ઊજવાય છે અને અમદાવાદની રથયાત્રા ૧૩૪ વર્ષોથી યોજાતી અનોખી ધાર્મિક-સાંસ્કૃતિક પરંપરા છે તેમ તેમણે જણાવ્યું હતું.

## કચ્છીમાડુઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવતા શ્રી નરેન્દ્રભાઈ મોદી

**મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અષાઢી બીજથી શરૂ થતા કચ્છીઓના નવા વર્ષ નિમિત્તે કચ્છી માડુઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી છે.**

**મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે કચ્છ જિલ્લો હિન્દુસ્તાનનો સૌથી ઝડપી વિકાસ કરતો જિલ્લો બન્યો છે અને પ્રવાસન તથા ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરવા ઉપરાંત કૃષિક્રાંતિના ક્ષેત્રે પણ નવી ક્ષિતિજો સર કરી રહ્યો છે તેનું શ્રેય કચ્છીઓના ખમીરને ફાળે જાય છે અને રાજ્ય સરકાર પણ કચ્છની પ્રગતિનાં નવાં સોપાન માટે પ્રતિબદ્ધ છે.**

## વિકલાંગ વિધવા બહેનોને અપાતી મકાન બાંધકામ સહાય રૂા. ૪૦ હજારથી વધારીને રૂા. ૫૪,૫૦૦ કરવાનો સ્તુત્ય નિર્ણય

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં શહેરી અને ગ્રામ વિસ્તારોમાં વસતા ૧૮ થી ૬૦ વર્ષ સુધીનાં વિકલાંગ વિધવા બહેનો માટે જુદી જુદી આવાસ યોજનાઓમાં આવાસ યુનિટ દીઠ હાલની રૂા. ૪૦,૦૦૦ની મકાન બાંધકામ સહાય વધારીને રૂા. ૫૪,૫૦૦ કરવાનો ઉદાત્ત નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અનુસૂચિત જાતિ વિભાગ દ્વારા રાજ્યની વિકલાંગ વિધવા મહિલાઓ માટે આવાસ સહાય યોજના અન્વયે શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં વિકલાંગ વિધવા બહેનો (૪૦ ટકાથી કે તેથી વધુ વિકલાંગતા) ૧૮ થી ૬૦ વર્ષ સુધીની હોય તેઓને રૂા. ૪૦,૦૦૦/-ની મર્યાદામાં મકાન બાંધકામ સહાય આપવામાં આવે છે. રાજ્યની જુદી જુદી ૧૦ આવાસ યોજનાઓમાં યુનિટ કોસ્ટ એકસરખી રૂા. ૫૪,૫૦૦/- રાખવા પંચાયત વિભાગે કરેલા ઠરાવ અનુસાર રાજ્ય સરકારે એવો નિર્ણય કરેલ છે કે વિકલાંગ વિધવા બહેનોને પણ મકાન બાંધકામ સહાય રૂા. ૪૦,૦૦૦/-થી વધારીને રૂા. ૫૪,૫૦૦/- મળવાપાત્ર થશે.

મુખ્યમંત્રીશ્રીએ રથયાત્રાનું આ પર્વ રાજ્ય-રાષ્ટ્ર માટે મંગલકારી-કલ્યાણમયી અને ગરીબો-વંચિતો પ્રત્યે કરુણા પ્રગટાવનારું જન પર્વ બનશે તેવી અભિલાષા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ભગવાન જગન્નાથ આમ આદમી અને દરિદ્રનારાયણના ભગવાન છે. તેઓ પોતાના આ ભક્તોના હાલચાલ પૂછવા નગરયાત્રાએ જાય તે આપણી મહાન સાંસ્કૃતિક વિરાસતની સદીઓ પુરાણી પરંપરા છે.

## ઉત્તમ શિક્ષકોના નિર્માણ માટેની સીમાચિહ્નરૂપ પહેલ કરતું ગુજરાત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન-IITEના ડિગ્રી અભ્યાસક્રમનું વિમોચન

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન-IITEના પ્રથમ ડિગ્રી અભ્યાસક્રમનું વિમોચન કરતાં જણાવ્યું હતું કે દેશ અને દુનિયામાં ઉત્તમ શિક્ષકોની આવશ્યકતાની પૂર્તિ માટેની સીમાચિહ્નરૂપ પહેલ, ગુજરાતે IITEની સ્થાપનાથી કરે છે. આ સંસ્થાન શિક્ષકની પુનઃપ્રતિષ્ઠા કરે અને સમગ્ર દેશને ઉત્તમ શિક્ષકના નિર્માણ માટેની શૈક્ષણિક સંસ્થાનું મૉડેલ પૂરું પાડશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગે IITE માટેની પ્રથમ ડિગ્રી કોર્સની ૧૦૦ વિદ્યાર્થીઓની બેચ ૧ લી ઑગસ્ટથી શરૂ કરવાનો ઉપક્રમ હાથ ધર્યો છે અને ધોરણ ૧૨ પછી ચાર વર્ષની BA/BSC/BEDની ડિગ્રી પ્રાપ્ત કરીને શિક્ષણમાં આજીવન સમર્પણ કરવા પ્રતિબદ્ધ શિક્ષકોને પ્રશિક્ષિત કરવા IITE કાર્યરત કરી છે.

ગુજરાતની BEd. કૉલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીઓની શિક્ષણ ફેકલ્ટીઓ અને શિક્ષણવિદોની ઉપસ્થિતિમાં, મુખ્યમંત્રીશ્રીએ IITE દ્વારા ગુજરાતે ભવિષ્યની સામર્થ્યવાન પેઢીના નિર્માણ માટેની વિશાળ ક્ષિતિજો તરફ પદાર્પણ કર્યું છે તેની વિશદ્ ભૂમિકા આપી હતી અને જણાવ્યું હતું કે IITE માત્ર ગુજરાતના ઉત્તમ શિક્ષકો માટેની શૈક્ષણિક સંસ્થા નથી પરંતુ ભવિષ્યમાં દેશ અને દુનિયામાં ઉત્તમ શિક્ષકોની વિશાળ જરૂરિયાત જોતાં ગુજરાતની IITE શિક્ષણ ક્ષેત્રે જીવંત માનવસંસાધન વિકાસની પ્રયોગભૂમિ બની રહેશે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે તેઓ એવું ઉજ્જવળ ભવિષ્ય જોઈ રહ્યા છે કે જેમ ઉદ્યોગો અને વ્યવસ્થાપનનાં ક્ષેત્રોમાં વ્યાવસાયિક કારકિર્દી માટેની IIM અને IIT જેવી સંસ્થાઓના વિદ્યાર્થીઓનું વિશ્વમાં સામે ચાલીને રોજગાર-પ્લેસમેન્ટ થાય છે એમ, IITEના ઉત્તીર્ણ શિક્ષકોની પણ સામે ચાલી માંગ ઊભી થશે કારણ કે, પ્રત્યેક પરિવાર પોતાના સંતાનોને ઉત્તમમાં ઉત્તમ શિક્ષક દ્વારા શિક્ષણ પ્રાપ્ત થાય તેને જીવનની પ્રાથમિકતા માને છે. શિક્ષક પ્રત્યે વિદ્યાર્થીઓ અને સમાજમાં આદરભાવ જાગે તે માટે શિક્ષક પોતે સુસજ્જ અને સામર્થ્યવાન બને તે દિશામાં IITEનું પ્રશિક્ષણ આપવાની નેમ તેમણે વ્યક્ત કરી હતી. •

## કેન્દ્ર સરકાર ભાવવધારાથી ચીરી નાખે અને પાટાપિંડી અમારે કરવાની ? - શ્રી નરેન્દ્રભાઈ મોદી



પેટ્રોલ, ડીઝલ અને રાંધણગેસ તથા કેરોસીનના ભાવમાં વધારો ઝીંકી સામાન્ય માનવીનું જીવન દોહ્યલું કરી નાખનાર કેન્દ્ર સરકારને ગુજરાતમાં રાંધણગેસ અને કેરોસીન ઉપર કોઈ વેરો નથી તેની ખબર જ નથી તોય વેરો ઘટાડવાની સલાહ આપે છે તેવો કટાક્ષ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો.

સી.ટી.એમ. ખાતે શહેરનો સૌપ્રથમ ટૂ લેવલ ફ્લાય ઓવરબ્રિજ, દાણીલીમડામાં સામાજિક કેન્દ્ર તથા જૂના વાડજ ખાતે નવા ટર્મિનસના લોકાર્પણ પ્રસંગે જાહેરસભાને સંબોધતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્ર ઉપર આકરા પ્રહારો અને કટાક્ષનો વરસાદ વરસાવતાં કહ્યું કે, દેશના નાગરિકોને ભાવવધારાથી આખેઆખા ચીરી નાખે અને પછી પાટાપિંડીની જવાબદારી રાજ્યોના શિરે નાખતી કોંગ્રેસ સરકાર એમ કહે છે કે, રાજ્ય સરકારો તેમના વેરા નાબૂદ કરે, પરંતુ વેરા જ નથી તો નાબૂદ શું કરીએ, હવે તો તમને નાબૂદ કર્યા વગર છૂટકો નથી. રાજ્ય સરકારો કેવી રીતે ચાલે છે તેની તેમને ખબર જ નથી અને બધું અમે કરીશું તો તમે શું કરશો તેવો સવાલ કરતાં તેમણે કહ્યું કે, તમને (કેન્દ્ર) ખબર ન પડતી હોય તો અમને સોંપી દો, અમે ચલાવી બતાવીશું, અમારા મેયરને મોકલીએ તોય તમારા કરતાં વધુ સારું કરશે. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર જે રીતે ચાલી રહી છે અને મોંઘવારીમાં વધારો કરી રહી છે તેની સામે દેશની જનતામાં આક્રોશ ફેલાયો છે અને મુખ્યમંત્રી તરીકે જનતાના અવાજને વાચા આપવાની તેમની જવાબદારી છે. ગરીબના ઘરમાં ચૂલો ન સળગે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે છતાં કોંગ્રેસને તેની ચિંતા નથી, પરંતુ રોજ સવારના ઊઠી મોદીને કેમ ભાંડવા અને ગુજરાતને કેવી રીતે અન્યાય કરી શકાય તેના કાવાદાવા કરવા છે. પરંતુ ગુજરાતની જનતા તો સાચું શું અને ખોટું શું તે સારી રીતે સમજે છે અને જનતા તેનું કામ કરવાની છે.

## જો દિલ્હી અને મુંબઈના ભાવે ગુજરાતના વાહનચાલકોને CNG ગેસના ભાવ મંજૂર થાય તો ગુજરાત સરકાર ૩૦ ટકા ભાવ ઘટાડશે

# કેન્દ્રએ છેલ્લા દોઢ વર્ષમાં CNGમાં ૨૧ વખત ભાવવધારો કર્યો છે

ઊર્જા રાજ્ય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે ગુજરાતમાં CNG ગેસ વાપરનારા સામાન્ય નાગરિકો અને વાહનચાલકોને ગેસના ભાવવધારાનો જંગી બોજ સહન કરવાનો વારો આવ્યો છે અને CNG નું સ્થાનિક વિતરણ કરતી કંપનીઓને CNGના ભાવમાં વધારો કરવાની ફરજ પડી છે તે માટે કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુપીએ સરકારને સંપૂર્ણ જવાબદાર ગણાવી છે.

છેલ્લા દોઢ જ વર્ષમાં કેન્દ્ર સરકારે ૨૧ વખત CNGના ભાવોમાં વધારો કરતી રહી છે એટલું જ નહીં, સી.એન.જી. ગેસની ફાળવણી અને તેના ભાવો બાબતમાં ગુજરાતને તો ધરાર અન્યાય કરતી રહી છે તેવી યુપીએની બેધારી નીતિની આલોચના કરતાં ઊર્જા રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, CNG ગેસની ફાળવણીમાં એકમાત્ર ગુજરાતને જ ભારતમાં ઉત્પન્ન થતો CNG ગેસ ફાળવવાને બદલે કેન્દ્ર હસ્તકની પેટ્રોનેટ કંપની ગુજરાતને આયાતી ગેસ ફાળવે છે અને આ આયાતી ગેસ ફરજિયાત મોંઘા ભાવે ખરીદવો પડે છે, જેની સીધી ભાવવધારાની અસર ગુજરાતના CNG વપરાશકર્તા ઉપર પડી રહી છે. શા માટે કેન્દ્ર સરકાર એકલા ગુજરાતના જ ગૃહ વપરાશકારો તથા CNG સંચાલિત વાહનો માટે ભારતનો ગેસ આપતી નથી તેવો વેધક સવાલ તાજેતરમાં કેન્દ્રીય આયોજન પંચની બેઠકમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉઠાવ્યો હતો. જો દિલ્હી અને મુંબઈને ભારતના કે.જી. બેસીનમાંથી CNG ગેસ જે ભાવે અપાય છે તો તે જ ભાવે અમદાવાદને શા માટે નથી અપાતો ? શા માટે દિલ્હી અને મુંબઈ કરતાં મોંઘા ભાવે અમદાવાદના વાહનચાલકોને CNG વાપરવાની ફરજ પાડવામાં આવે છે ?

ગુજરાત સરકારે તો પાઈપલાઈનથી ગેસગ્રીડ નેટવર્ક ઊભું કરેલું છે અને ૫.૫૦ લાખ ઉપરાંત જોડાણો પાઈપલાઈનથી આપ્યાં છે જેના પરિણામે ગેસ સીલીન્ડર સપ્લાયમાં વાર્ષિક રૂા. ૧૭૭ કરોડ તથા CNG વપરાશ કરતા વાહનોને પરિણામે રૂા. ૨૪૮ કરોડના ડિઝલ-પેટ્રોલની સબસીડી રાજ્ય સરકારે કેન્દ્રને માટે બચાવી છે. આમ છતાં, ગુજરાતને ગેસની ફાળવણી અને ભાવોમાં અન્યાય કરવામાં આવી રહ્યો છે. દેશમાં અન્ય સ્ટીલ-ઉદ્યોગો અને રિફાઈનરીઓને કેન્દ્ર સરકાર સસ્તાભાવે ગેસ પૂરવઠો આપી શકતી હોય તો, ગુજરાતના ગૃહવપરાશના અને CNG વાહન ધારકોને શા માટે આપવાનો ઇન્કાર કરે છે ?

ગુજરાત તેના ગેસગ્રીડ નેટવર્કથી ભારત સરકારની રૂા. ૪૨૫ કરોડની ગેસ પેટ્રોલિયમની સબસીડીમાં બચત કરે છે તે હકિકત ધ્યાનમાં લઈને, જે ભાવે દિલ્હી અને મુંબઈને ડી-૬ કે.જી. બેસીનમાંથી ગેસ અપાય છે તે જ ભાવે ગુજરાત-અમદાવાદને ફાળવે તો ગુજરાત સરકાર CNG ના ભાવોમાં ૩૦ ટકા ઘટાડો કરવા તૈયાર છે. સી.એન.જી.ના ભાવવધારા માટે માત્રને માત્ર કેન્દ્રની સરકાર જ દોષિત છે અને તેના ઉપર ગુજરાત સરકારની કોઈ જ નિયંત્રણ કે ભૂમિકા નથી, એમ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

•

### ગેસ-ડીઝલના જંગી ભાવવધારાથી ગુજરાત સરકારના વિકાસ કામો ઉપર રૂા. ૫૦૦ કરોડથી અધિક નાણાકીય ભારણ વધ્યું

**ગેસ-ડીઝલના ભાવમાં યુપીએ સરકારે કરેલા જંગી ભાવવધારાને પરિણામે એકલા ગુજરાત સરકારના વિકાસ પ્રોજેક્ટ અને રાજ્ય સરકારની કામગીરીના ખર્ચ ઉપર જ ભાવવધારાની વિપરીત અસરોનો બોજ રૂા. ૫૦૦ કરોડથી વધારે પડવાનો છે.**

**કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુપીએ સરકારે એકાએક ઝીંકેલા, પેટ્રોલ, ડીઝલ અને રાંધણગેસના ભાવોમાં જંગી વધારાને પરિણામે સમગ્ર જનતાની આર્થિક સ્થિતિ તો બેહાલ કરી જ નાંખી છે અને મોંઘવારીની કમરતોડ પરેશાનીમાંથી સામાન્ય જનતાને રાહત આપવામાં અને મોંઘવારી ડામવામાં ઘોર નિષ્ફળતાને વરેલી કેન્દ્ર સરકારે ઇંધણોના ભાવો વધારીને રાજ્યો પર પણ જંગી આર્થિક ભારણ નાખ્યું છે.**

# કોંગ્રેસની અપરિપક્વતા, કુટુંબભક્તિ અને દેશવિરોધી તાકતોનો બાહ્ય ચહેરો - રાહુલ ગાંધી

જેમનું શાળાકીય ભણતર અડધું સેન્ટ કોલંબા અને દૂન સ્કૂલમાં અને બાકીનું સ્વગૃહે અભ્યાસમાં વીત્યું એવા શ્રી રાહુલ ગાંધીને દિલ્હીની સેન્ટ સ્ટીફન કૉલેજમાં એડ્‌મિશન મેરીટના આધારે નહી પરંતુ શુટીંગમાં નિષ્ણાત હોવાના દાવાનુસાર સ્પોર્ટ્સ ક્વોટામાં થયું ! B.A. માટે માંડ ૧ વર્ષ ભણ્યા અને સ્ટીફન કૉલેજ છોડીને હાવર્ડ યુનિવર્સિટી, ઇંગ્લૅન્ડ ગયા.

હાવર્ડમાં હિન્દુજા પરિવારની ડોનેશન સીટ ઉપર, પ્રધાનમંત્રી શ્રી રાજીવ ગાંધીના પુત્ર હોવાના નાતે એડ્‌મિશન લીધાના ત્રણ મહિના વીત્યા અને ત્યાંથી, રોલીંગ કૉલેજ, ફ્લોરિડામાં - ક્રિશ્ચિયન મિશનરી કૉલેજમાં Raul Vinchi (રાઉલ વીન્ચી)ના નામે બી.એ. માટે એડ્‌મિશન લીધું અને ત્યાં સ્થળાંતરિત થયા.

જોકે, એક દાવાનુસાર, રોલીંગ કૉલેજ ફ્લોરિડામાં B.A. કરનાર શ્રી રાહુલ ગાંધીનું એ સાલના ભૂતપૂર્વ વિદ્યાર્થીની યાદીમાં નામ હોવાનું કે, તેમની સાથે ભણ્યા હોવાનું તે સમયના વિદ્યાર્થીઓને સ્મરણમાં ન હોવાનું પણ જાણવા મળેલ છે !

શ્રી રાહુલ ગાંધીએ તેમની અમેઠીની ચૂંટણીના સમયે ઉમેદવારી પત્રમાં ભરેલી માહિતી પ્રમાણે તેમણે ટ્રીનીટી કૉલેજ, કેમ્બ્રિજ ખાતેથી ૧૯૯૫માં M.Phil. ની ડિગ્રી 'ડેવલપમેન્ટ ઇકોનોમિક્સ'માં લીધેલી હોવાનું જણાવેલ છે.

જ્યારે ટ્રીનીટી કૉલેજ, કેમ્બ્રિજ ખાતેથી મળેલ આધારભૂત માહિતી પ્રમાણે શ્રી રાહુલ ગાંધીએ M.Phil. ની ડિગ્રી ઈ.સ. ૨૦૦૪-૦૫માં પ્રાપ્ત કરેલ છે, નહીં કે ઈસ. ૧૯૯૫માં. વળી આ ડિગ્રી 'ડેવલપમેન્ટ સ્ટડીઝ'માં મેળવેલ છે, નહીં કે 'ડેવલપમેન્ટ ઇકોનોમિક્સ'માં. Raul Vinci ના નામની તેમની માર્કશીટમાં તેમણે આપેલ ચાર વિષયોની પરીક્ષામાંના એક મહત્ત્વના વિષય 'નેશનલ ઇકોનોમી પ્લાનીંગ એન્ડ પૉલિસી'માં પાસ થવા માટે જરૂરી ૬૦ માર્ક્સની સામે તેમને ૫૮ માર્ક્સ મળેલા હોવાનું દર્શાવાયું છે.

## રાહુલ ગાંધીનું ભૌગોલિક જ્ઞાન

ગુજરાતની એક મુલાકાત દરમિયાન ભાઈકાકા ભવન ખાતે શ્રી રાહુલ ગાંધીએ કહેલું કે, 'ગુજરાત ઇંગ્લૅન્ડ કરતાં મોટું રાજ્ય છે.' સત્ય હકીકત એ છે કે ઇંગ્લૅન્ડ (૨,૪૫,૦૦૦ વર્ગ ચો.કિ.મી.), ગુજરાત (૧,૯૬,૦૨૪ ચો.કિ.મી.) કરતાં દોઢગણું મોટું રાષ્ટ્ર છે !

તેમણે એમ પણ જણાવેલ કે ભારત - યુરોપ અને અમેરિકા બેઉને ભેગાં કરો તેના કરતાં પણ મોટું રાષ્ટ્ર છે ! સત્ય હકીકત એ છે કે, માત્ર અમેરિકા (૯,૬૩૧,૪૧૮ ચો.કિ.મી.), ભારત કરતાં (૩,૨૮૭,૨૬૩ ચો.કિ.મી.) ત્રણ ગણો મોટો દેશ છે.

એમાં સમગ્ર યુરોપ (૧૦.૨ મીલીયન ચો.કિ.મી.)નો વિસ્તાર ઉમેરીએ તો સામાન્ય વિદ્યાર્થી પણ સમજી શકે કે ભારત વિસ્તારની દૃષ્ટિએ યુરોપ અને અમેરિકાના સંયુક્ત વિસ્તારની સરખામણીમાં ક્યારેય મોટું ન હોઈ શકે !

## રાહુલ ગાંધીનો પાસપોર્ટ

શ્રી સુબ્રમણ્યમ્ સ્વામીના જણાવ્યા અનુસાર, ૧૮મી જૂન ૧૯૭૦માં જન્મેલા શ્રી રાહુલ ગાંધી પાસે તેમનાં માતુશ્રી સોનીયા ગાંધી તે સમયે, લગ્ન પછી બે વર્ષ (અને કુલ પંદર વર્ષ કરતાં પણ વધુ) સમય માટે, ઈટાલીયન નાગરિક હોવાને લીધે, Raul Vinchiના નામે ઈટાલીયન પાસપોર્ટ છે.

## બહુમતી સમાજ પ્રત્યેની સૂગ

અમેરિકી રાજદૂત ટીમોથી રોમરને આપેલ મુલાકાતમાં ૨૦૦૮માં શ્રી રાહુલ ગાંધીએ એમ જણાવ્યું કે, ભારતને ઇસ્લામિક આતંકવાદ કરતાં હિન્દુ આતંકવાદી સંગઠનોથી વધુ ખતરો છે. કારણ કે તેઓ મુસ્લિમ સમાજ સાથે ધાર્મિક અને રાજકીય ઘર્ષણ પેદા કરે છે ! આનો મતલબ એમ કાઢી શકાય કે, બજરંગદળ અને દુર્ગાવાહિની જેવાં એમના મતે કહેવાતાં સંગઠનો, લશ્કરે-તઈબા કે સીમી કે જૈશે-મોહંમદ કરતાં વધુ ભયપ્રદ અને આતંકી છે !

## નહેરુ-ગાંધી પરિવારના સભ્ય તરીકેનું ગુમાન

શ્રી રાહુલ ગાંધી કહે છે : 'અમારા નેહરુ-ગાંધી પરિવારમાં અમે એક મનસૂબો કરીએ પછી તેને પૂર્ણ કરીને જ રહીએ છીએ. ૧૯૭૧માં પાકિસ્તાનનું વિભાજન અને બાંગ્લાદેશનું નિર્માણ આ જ વિચારસરણીના પરિપાક રૂપે હતું.'

શ્રી રાહુલ ગાંધીને કોણ સમજાવે કે,

૧૯૭૧માં આપણે લેવું પડેલું લશ્કરી પગલું - રોજબરોજ લાખોની સંખ્યામાં ભારતીય સીમામાં ધસી આવતા બાંગ્લાદેશી નિરાશ્રિતોના વિકટ પ્રશ્નની મજબૂરીને લઈને ઉઠાવવું પડેલું અને વિજયનું શ્રેય કોઈને જતું હોય તો તે જનરલ માણેકશાની આબાદ વ્યૂહરચનાઓ અને આપણા લશ્કરી જવાનોની બહાદુરી અને ખુમારીને જાય છે !

૧૯૯૮માં કારગીલ યુદ્ધ અને અંતે ટાઈગર હિલ ઉપરનો વિજય કે રાજકીય દાવપેચમાં તત્કાલીન પાકિસ્તાની પ્રધાનમંત્રી નવાજ શરીફને પારોઠનાં પગલાં ભરવાની ફરજ પાડવામાં શ્રી વાજપાઈએ આબાદ કુનેહ, ધીરજ અને સક્ષમ નેતાગીરીનાં દર્શન કરાવ્યાં હોવા છતાં, તેમણે તેને પોતાનો અંગત વિજય ક્યારેય ગણાવ્યો નથી. દુશ્મન સામે વિજય સમગ્ર રાષ્ટ્રનો હોય, કોઈ એક વ્યક્તિનો નહીં, શ્રી રાહુલ ગાંધી !

## રાજકીય અપરિપકવતા અને બફાટ

તાજેતરમાં કેરલ અને તામિલનાડુની વિધાનસભાની ચૂંટણીઓમાં શ્રી રાહુલ ગાંધીએ મોટો રાજકીય બફાટ કરેલ.

કેરળમાં સભાઓને સંબોધતાં તેમણે જણાવેલ કે, ડાબેરી મોરચાના શ્રી અચ્યુતાનંદન ૮૮ વર્ષના વૃદ્ધ છે. આવા વૃદ્ધના હાથમાં સત્તા સોંપો તેના કરતાં કોંગ્રેસના યુવકોને સત્તા સોંપો.

આ વાત કરતી વખતે તેમને એ વાતનું જરા પણ સ્મરણ ન થયું કે, કેરળની લગોલગ આવેલા તામિલનાડુમાં તેઓ ૮૭ વર્ષના શ્રી કરુણાનિધિને જ મુખ્યપ્રધાન તરીકે સ્વીકારીને, કોંગ્રેસ, ડીએમકે સાથે ચૂંટણી લડી રહ્યા હતા ! પછી શ્રી અચ્યુતાનંદન - રાહુલજીને ઉદ્દેશીને અમૂલ બેબીને જ યાદ કરેને !

બિહારમાં દરભંગામાં એલ. એન. મિશ્રા યુનિવર્સિટીમાં શિક્ષિત પ્રતિભાશાળી એન્જિ. વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરતા, શ્રી રાહુલ ગાંધીનો વિદ્યાર્થી સમુદાયે રીતસરનો ઊધડો લીધેલો.

એનસીપી અને કોંગ્રેસની સંયુક્ત સરકાર મહારાષ્ટ્રમાં બિહારી લોકો ઉપરના હુમલાઓ સામે કેમ આંખ આડા કાન કરે છે, તેવો વેધક પ્રશ્ન પૂછીને તેમણે શ્રી રાહુલ ગાંધીને જબરા ગૂંચવ્યા હતા.

વિદ્યાર્થીઓ સાથેના વાર્તાલાપની આડમાં, તમે રાજકીય બાબતોનો ઉલ્લેખ કેમ કરી શકો - એવો પ્રશ્ન પૂછીને શ્રી રાહુલ ગાંધીને માફી માંગવા મજબૂર કર્યા હતા, આ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ !

સભામાં એટલી હદે ઊહાપોહ થયો અને ખુરસીઓ ઊછળી કે શ્રી રાહુલ ગાંધીને અધવચ્ચેથી સભા છોડીને ભાગવું પડ્યું હતું !

## નાણાકીય અનિયમિતતાઓ

સમયાંતરે ઇન્ટરનેટ ઉપર તથા શ્રી સુબ્રમણ્યમ્ સ્વામી દ્વારા આધારભૂત માહિતી પૂરી પાડીને ૧૯૭૧ થી ૧૯૮૫ સુધી રશિયાની જાસૂસી સંસ્થા કેજીબી (KGB) દ્વારા લાખો ડૉલરની ચુકવણી નહેરુ ગાંધી પરિવારને થતી રહી હોવાનો ચોંકાવનારો ખુલાસો થતો રહ્યો છે. છેક ૧૯૯૧માં પણ, શ્રી રાજીવ ગાંધીને ૨ બીલીયન ડૉલરની ચુકવણી થઈ હોવાનો ખુલાસો સ્વીસ બેંકે કર્યો હોવાનું શ્રી સુબ્રમણ્યમ્ સ્વામી જણાવે છે.

## બેફામ આક્ષેપબાજી

જમીન અધિગ્રહણનાં મામલે ઉત્તરપ્રદેશમાં કિસાનો દ્વારા ચાલતા આંદોલનમાં ભટ્ટા-પારસોલ ગામમાં પોલીસના જવાનો દ્વારા નિર્દોષ મહિલાઓ ઉપર બળાત્કાર ગુજારાયા અને ૭૪ ગ્રામજનોને સળગાવી દેવાયા છે તથા તેમની રાખના ઢગલા અને માનવ અવશેષો મેં નિહાળ્યા છે અને મારી પાસે તેના ફોટાઓ પણ છે. તેવા વાહિયાત અને પાયાવિહિન આક્ષેપો શ્રી રાહુલ ગાંધી દ્વારા થયા હતા. જ્યારે રાષ્ટ્રીય માનવઅધિકાર આયોગ ભટ્ટા પારસોલ ગામમાં એક પણ બળાત્કારનો કેસ ન બન્યો હોવાનું પોતાના ૮૦૦ પાનાનાં સંશોધનાત્મક અહેવાલમાં જણાવીને શ્રી રાહુલ ગાંધીનાં આક્ષેપોની પોકળતા ખૂલ્લી પાડી દીધી છે.

તેમ જ ગામની અનેક મહિલાઓએ પત્રકારોને જણાવ્યું હતું કે, પોલીસ દ્વારા એક પણ બળાત્કારની ઘટના બની નથી અને આ મહિલાઓએ શ્રી રાહુલ ગાંધીનાં આક્ષેપો વિશે આશ્ચર્ય અને આક્રોશ વ્યક્ત કર્યો હતો.

## સંસદીય લોકશાહીમાં કેટલો વિશ્વાસ ?

ઈ.સ. ૨૦૧૦-૧૧ના ૭૨ દિવસોના લોકસભાના કાર્યકાળમાં શ્રી રાહુલ ગાંધી માત્ર ૧૯ દિવસ સંસદમાં હાજર રહ્યા હતા.

શૂન્યકાળ અને સંસદીય ચર્ચાઓમાં એમનો ફાળો શૂન્ય કહી શકાય તેવો નહીંવત છે.

ભટા-પારસોલ ગામમાં શ્રી રાહુલ ગાંધી એમ જણાવે છે કે, મને પોલીસદમન જોઈને મારી જાતને ભારતીય કહેવડાવવામાં શરમ આવે છે, તો સહેજે પૂછવાનું મન થાય કે,

શ્રી સુરેશ કલમાડી, શ્રી દયાનિધિ મારન, શ્રી કનીમોઝી વગેરે યુપીએ નેતાઓનાં કરોડોના ભ્રષ્ટાચાર નિહાળીને શ્રી રાહુલજી, તમારું રૂંવાડુંય કેમ નથી ફરકતું ?

આદર્શ વાતો અને આદર્શ આચરણ એક સિક્કાની બે બાજુ હોય રાહુલજી. સમય પ્રમાણેની અવસરવાદિતાને ભારતની શિક્ષિત યુવા પ્રજા બરોબર ઓળખે છે, અને તેથી જ તે બાબા રામદેવ અને શ્રી અન્ના હજારેજીને સમર્થન આપવા લાખોની સંખ્યામાં ઊમટી પડે છે. •